।। શ્રી સંતરામ મહારાજ સત્ય છે ।।

# પ્રમુખનું નિવેદન

આપણો ભારતદેશ ગૌરવવંતો, ઉજ્જવળ અને મહાન એટલે છે, કે એની પાસે પ્રાચીન ગૌરવવંતો વારસો છે. આપણા વેદ, ઉપનિષદ, મહાભારત, ભાગવત, રામાયણ, ગીતા એવા અમૂલ્ય ગ્રંથો છે કે જેણે વિશ્વની સંસ્કૃતિને તપ, ત્યાગ, ઉપાસના, સ્વાધ્યાય, સાદગીમય જીવનનું દર્શન કરાવ્યું. આપણી ઋષિ પરંપરા, એમનું તપોવનનું જીવન, આપણાં ગુરુકુલો એમાંથી આપણે આપણા આચાર ધર્મ, ઉચ્ચવિચાર, સંસ્કૃતિને રક્ષ્યાં છે.

વર્તમાનમાં ભારતની દોટ પશ્ચિમના પ્રવાહ તરફ રહેવાને કારણે, વૈશ્વિકમંદીને કારણે, લોકોની વૈભવ પાછળની આંધળી દોટે આપણે આપણાં મૂલ્યો ગુમાવ્યાં છે.

સંત પરંપરા, સંત પ્રેરણા, સંતનું માર્ગદર્શન આપણને માર્ગ ચીંધનારું બને છે. અવધૂત યોગીરાજ શ્રી સંતરામ મહારાજનું નડીઆદ નગરને આધ્યાત્મમય બનાવવા પધારવું, જીવિત સમાધિ લેવી એ ઘટનાએ સહુને ભકિતમાં ડુબાડી દીધા. ત્યારપછીની મહંત પરંપરામાં સાતમા મહંત શ્રી બ્રહ્મલીન જાનકીદાસજી મહારાજ, બ્રહ્મલીન શ્રી નારાયણદાસજી મહારાજે સમાધિસ્થાનના મહંતશ્રી તરીકે બિરાજી મંદિરનો સર્વાંગી વિકાસ કર્યો, મંદિર માત્ર કહેવાતા મંદિર તરીકે ન રહેતાં સમાજક્ષેત્રે, આરોગ્યક્ષેત્રે, અન્નક્ષેત્રે, દુષ્કાળ, અતિવૃષ્ટિ, રાજ્ય કે રાષ્ટ્રનાં સંકટ - આનંદમાં સાથે રહી નવી પ્રેરણા આપનાર સાબિત થયું. શ્રી સંતરામ મંદિરનાં સેવા કાર્યો પ્રત્યે રાજ્ય, રાષ્ટ્રનું ધ્યાન ગયું, મંદિરના મહંતશ્રીની એવી પ્રેરણા રહી, કે આવનાર આશીર્વાદથી શાતા અનુભવે.

આ મહંત પરંપરાને યશસ્વી રીતે આગળ ધપાવવામાં મહંતશ્રી રામદાસજી મહારાજે આગેકૂચ જારી રાખી છે. આરોગ્યક્ષેત્રે વર્તમાનમાં જગ્યા સાંકડી પડે છે. તો સરકાર પાસે નજદીકમાં વિકાસ કોલોની આર્થિક યોગદાન આપી મેળવી ત્યાં આરોગ્યસેવાનું વિસ્તરણ હાથ ધર્યું. સાથોસાથ શ્રી સંતરામ મહારાજની પ્રસાદીની કૂઈ - 'ડુંગાકૂઈ'ને જાગૃત બનાવી, ત્યાં શ્રી સંતરામેશ્વર મહાદેવ ભકતો માટે નિર્માણ કર્યું.

આધ્યાત્મિક વિકાસને વેગ આપતાં 'દેરી'-જયાં શ્રી સંતરામ મહારાજે નિવાસ કર્યો હતો, તે સ્થળ ને જે છે તેના કરતાં નવો ઓપ આપવામાં આવી રહ્યો છે. મહંત શ્રી રામદાસજી મહારાજની પ્રેરણામાં શ્રી સંતરામ મંદિરના યજ્ઞખંડમાં વયસ્કો માટે 'પાનખરની હાશ' સંસ્થા શરૂ થઈ, તે વૃધ્ધો માટે એક નવી દ્રષ્ટિનો, શાંતિ, રાહત, તાજગી આપનારો પ્રયોગ છે. રસ ધરાવતા ગૃહસ્થોના આ વિચારને મૂર્તિમંત કર્યો છે.

આપણે ત્યાં કર્તવ્યનું મહત્ત્વ છે. સમાજના જે તે માણસો પોતાની ફરજ સમજી, પોતે ફરજ બજાવી, સમાજસેવા કરે છે, તેવા ખ્યાલથી કાર્યરત રહે તો કાર્યને કોઈ રીતે સહન કરવું પડતું નથી. આ સેવાભાવી આરોગ્યની સંસ્થાઓ પ્રતિદિન પ્રાતઃકાલ પૂજ્ય મહારાજશ્રી સમીપ પ્રાર્થના કરી કાર્યારંભ કરે છે. દર્દીનારાયણની સેવા, દર્દીમાં પ્રભુની ભાવના રાખી, વિવેક, નમ્રતાથી સહુ કર્મચારી કાર્ય કરે છે. ડોકટરશ્રીઓથી માંડી સઘળા કર્મચારીઓ એક મનથી, ભાવથી, સેવામાં અગ્રસર રહે છે.

આ આરોગ્ય સેવાઓ આદિવાસી, વિવિધ રોગો માટે સ્થાનિક કક્ષાએ જુદા જુદા દર્દોના આરોગ્ય કેમ્પો યોજી દર્દી સેવાની જ્યોતને જલતી રાખે છે. આ સેવામાં શહેરનાં વિશેષજ્ઞો પણ જોડાઈને સહકારનો હાથ લંબાવે છે.

નેત્ર સેવા છેલ્લા ઘણા વર્ષોથી રાજ્યમાં પ્રથમ ક્રમે આવી, રાજ્યનું સન્માન પામે છે. આ સેવામાં દર્દીઓને ફ્રી ઓપરેશન, નિવાસ, ભોજન અપાય છે. સમાજના ગરીબ, મધ્યમવર્ગના દર્દી આ સેવાથી આર્થિક રીતે નિઃશુલ્ક સેવાથી લાભાન્વિત બને છે. તે કારણ પણ આરોગ્યસેવામાં દર્દીની ભીડનું છે.

પ.પૂ.મહંતશ્રી રામદાસજી મહારાજ, મહંતશ્રી ભરતદાસજી મહારાજ, પૂ.શ્રી હરિદાસજી મહારાજ, સંતશ્રી નિર્ગુણદાસજી મહારાજ આ સેવા પ્રકલ્પોને વેગવંતા બનાવે છે.

વિષમ મોંઘવારી, આર્થિકસંકટ, આવા સમયે આરોગ્યની સેવા સ્થાન માટે દાનમાં સહયોગ આપનારને નમૂનેદાર લાગે છે. ડોકટરશ્રીઓ, કર્મચારીઓ ઊપરાંત સેવાભાવી વૃંદ પણ ખડે પગે સેવા માટે તત્પર રહે છે.

શ્રી સંતરામ નેત્રચિકિત્સાલય, દવાખાનું આ સદ્‌વિચાર સમિતિ, નડીઆદના સંચાલનમાં ૫૦ વર્ષથી શરૂ થયું, આજે સંપૂર્ણ રીતે શ્રીસંતરામ મંદિરના સંચાલનમાં છે.

લેબોરેટરી, સોનાગ્રાફી, સી-ટી-સ્કેન, ફીજીયોથેરાપી સેન્ટર આવી આરોગ્યની સેવાઓ શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટના ઉપક્રમે ચાલે છે.

આ ઉપરાંત બાળ ઘડતર માટે શિશુકેન્દ્ર, સંસ્કાર કેન્દ્ર ચાલે છે. સ્થાયી સ્થાનમાં રહેનારા છાત્રોનું શિક્ષણ સાથે સંસ્કાર ઘડતર થાય છે.

પવિત્ર માઁ ગંગાના તટે હરિદ્વારમાં શાખામંદિરને મહંતો, સંતો, ભક્તોએ ૭૦૦ની સંખ્યામાં બ્રહ્મલીન પૂજ્યશ્રી નારાયણદાસજી મહારાજની પાંચમી પુણ્યતિથિએ આટલા ભકતવૃંદનું આવું પારાયણ પ્રથમ ઘટના બની.

---

શ્રી સંતરામમંદિરની આરોગ્યની સેવા વધુને વધુ સેવારત બને, સાથોસાથ શ્રી સંતરામ મંદિરનાં જાહેર સામાજીક સેવાનાં કાર્યોથી મંદિર સાચા અર્થમાં મંદિર બની રહે, એવી સદ્‌ગુરુદેવને અમારી પ્રાર્થના.

પ્રાતઃકાળથી સાયં ધર્મ, અધ્યાત્મ,ધ્યાન, સત્સંગના કાર્યક્રમોથી ગુંજતું આ સમાધિસ્થાન દર્શનાર્થીઓને તો શાંતિ, અનુભૂતિ પ્રાપ્ત કરાવે છે.

પરંતુ એની આરોગ્યની, દર્દી સેવાની સંસ્થાઓ દર્દીનારાયણથી ઊભરાતી રહી, સેવાધામ નિર્માણ કરે છે. નિત્ય ૫૦૦૦ - પાંચહજાર સંતો, ભકતો, યાત્રાળુઓ,પ્રવાસી સ્કૂલ-યાત્રીબસો અન્નપૂર્ણામાં પ્રસાદ લઈ આનંદ અનુભવે છે.

## શ્રી સંતરામ મંદિરના જનસેવાના કાર્યને સરકાર દ્વારા પ્રોત્સાહન પ્રદાન

શ્રી સંતરામ મંદિર, નડીઆદને ગુજરાત સરકાર દ્વારા લોકહિતાય, દર્દીનારાયણ માટે આરોગ્યની સેવા માટે જમીન ફાળવવામાં આવી તેમાં સામાજિક સેવકો, સરકારી અમલદારો, કર્મચારીઓ તથા ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈનો સાથ અને સહકાર સાંપડયો છે, તેમને પ. પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજના સાધુવાદ.

જમીનના સહકાર બદલ ગુજરાત સમાચાર દૈનિકમાં તા. ૨૫-૯-૨૦૦૯ શુક્રવારના દિને ‘‘જાહેર હાર્દિક આભાર’’ શીર્ષક હેઠળ સમાચાર પ્રસિધ્ધ થયા છે તે માટે સંસ્થા આનંદ પ્રગટ કરે છે.

## જાહેર હાર્દિક આભાર

જનસેવાના અવિરત સેવાયજ્ઞમાં સદૈવ પ્રવૃત્ત શ્રી સંતરામ મંદિર, નડીઆદને સી.ટી. સ્કેન, એકસ-રે, ફીઝીયોથેરાપી, સુવિધા કેન્દ્ર સાથે અતિ આધુનિક સેવાઓ પુરી પાડનાર તથા રૂા. ૧૦ કરોડના ખર્ચે બનનારી આંખની હોસ્પિટલ માટે ૮૦૨૩ ચો.મી. જેટલી સરકારી જમીન ફાળવવા બદલ માન. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબ તથા તથા મહેસુલ મંત્રીશ્રી આનંદીબેન પટેલ સાહેબનો નડીઆદ ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ જાહેર આભાર માને છે.

આભાર સહ,

**પંકજભાઈ દેસાઈ**
ધારાસભ્યશ્રી, નડીઆદ

|| જય મહારાજ ||

શ્રીસંતરામ મંદિરના સઘળાં કાર્યો પર ગુરૂ મહારાજ શ્રીસંતરામ મહારાજનો પ્રેમનો વરદ્‌હાથ રહેલો રહે છે.

|| જય મહારાજ ||

**જયંતીભાઈ ગો. જોષી**
**પ્રમુખ**
સદ્‌વિચાર સમિતિ, નડીઆદ

તા.૧૯-૯-૨૦૦૯

---

**જયાં સુધી અમીરીની લાલસા છે, એની આકાંક્ષા છે ત્યાં સુધી ગીરીબીનો અંત આવવાનો નથી.**

## શ્રી સંતરામ મંદિરના બ્રહ્મલીન મહંત શ્રી નારાયણદાસજી મહારાજની પાંચમી પુણ્યતિથિ, મહંતશ્રી પ. પૂ. રામદાસજી મહારાજની પ્રેરણા, શુભાશીર્વાદથી શ્રી રામ ચરિત માનસ પારાયણ અનુષ્ઠાન હરિદ્વારમાં ઉજવવામાં આવ્યું

અવધૂત યોગીરાજ શ્રી સંતરામ મહારાજની દિવ્યઅખંડ જયોતિના શુભાશીર્વાદ, પ.પૂ. મહંતશ્રી રામદાસજી મહારાજની પ્રેરણાથી પ. પૂ. બ્રહ્મલીન શ્રી નારાયણદાસજી મહારાજની પાંચમી પુણ્યતિથિ શ્રી રામ ચરિત માનસ પારાયણ, અન્ય સ્તોત્ર પાઠ દ્વારા **પતિતપાવની ગંગાકિનારે હરિદ્વારમાં તા. ૨૩-૮-૨૦૦૯ થી તા. ૧-૯-૨૦૦૯ સુધી ઉજવવામાં આવી.** જેમાં શ્રી સંતરામ મંદિરની શાખાઓના મહંતશ્રીઓ, સંતરામ મંદિરનું સંતવૃંદ, જામનગરના અણદાબાબા આશ્રમના મહંતશ્રી દેવપ્રસાદજી મહારાજ તથા શ્રી સંતરામ મંદિર સાથે પ્રેમ રાખનારા સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

આ આધ્યાત્મિક અનુષ્ટાન પહેલાં ૭૦૦ ભકતવૃંદ જે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના હતા, તેમની સંતરામ મંદિરના સત્સંગ હોલમાં બેઠક રાખવામાં આવી હતી. મહંત શ્રી રામદાસજી મહારાજે ભકતોના મોટાપાયે બહાર યોજાતા અનુષ્ઠાનનું મહત્વ સમજાવ્યું હતું. બહાર મહંતો-સંતોની આજ્ઞામાં રહી, ભક્તોને પારાયણનો આનંદ લેવા જણાવ્યું હતું.

**ગંગ સકલ મુદ મંગલ મૂલા ।**
**સબ સુખ કરની હરની સબ શૂલા ।।**

ગંગાજી સમસ્ત આનંદ મંગલોનું મૂળ સર્વ સુખોને કરનાર અને સર્વ પીડાઓને (દુઃખો) હરનાર છે. આ ચોપાઈના સંપૂટથી સંપૂર્ણ રામાયણ પારાયણ થયું.

પતિત પાવની મા ગંગાનું ખૂબ મહત્વ છે. શ્રી સંતરામ મંદિરના ભકતોને હરિદ્વારમાં પવિત્ર તીર્થમાં સ્નાન, આચમન, દર્શનનો તથા શ્રી રામચરિતમાનસનવાહ્ન, પારાયણ, શ્રીમદ્ ભાગવત્ત સપ્તાહની અમૃતવાણી, શ્રી સંતરામસ્તોત્ર, શ્રી વિષ્ણુસહસ્ત્રસ્તોત્ર પાઠ, ભજન ગાન, ગરબાનો લાભ આ દિવસોમાં પ્રાપ્ત થયો.

કચ્છી આશ્રમ, સપ્ત સરોવર, હરિદ્વાર તથા વૃધ્ધાશ્રમ, ભારતમાતા મંદિર હરિદ્વારમાં સંતો-ભકતોનો એક સાથે ઉતારો-ભોજન-સઘળી વ્યવસ્થા હોવાથી, સહુએ ખૂબજ આનંદનો અનુભવ કર્યો.

મા ગંગા તટે આ દિવસોમાં ભકતોએ જપ, તપ, પ્રભુ ભજનની જેટલી મસ્તી લેવાય તેટલી લીધી.

પ્રતિદિન પવિત્ર ગંગાતીર્થમાં પ્રાતઃસ્નાનથી શીતળતા, પવિત્રતાનો અનુભવ તથા ઘાટ ઉપર સામુહિક શ્રી વિષ્ણુસહસ્ત્રના પાઠમાં તથા સામુહિક આરતીમાં આહ્‌લાદ અનુભવ્યો.

ભકતોએ, સહુએ સંત આજ્ઞામાં શિસ્તપૂર્વક સહકાર સાથે ભાગ લઈ, સ્થાનનું ગૌરવ વધાર્યું.

શ્રી રામચરિત માનસગ્રંથ, પરિચય કાર્ડ સહુને શ્રી સંતરામ મંદિરમાંથી જ આપવામાં આવ્યા હતા.

**જીવનમાં ઘણું ઘણું વાંચ્યું - વિચાર્યુ પરંતુ એ જીવાયું નહી તો તે સ્મૃતિ ભંડોળ બનીને રહી જાય છે.**

કાર્યક્રમના દિવસોમાં કચ્છી આશ્રમની વ્યવસ્થા મુજબ સહુએ પોતાનું કામ, ભોજન કર્યા પછીનાં વાસણ પણ સાફ કરવાના હતાં. કચ્છી આશ્રમના શ્રી પીઠાઈભાઈ, શ્રી પ્રવીણભાઈ, શ્રી ભાવેશભાઈએ પૂરા પ્રેમ અને રસથી સુવિધા આપી, સહુને પ્રસન્ન કરી દીધા.

આ દિવસોમાં પરમાર્થ નિકેતનમાં પ. પૂ. સ્વા. ચિદાનંદજી મહારાજના આશ્રમમાં સાંજના ગંગાજીની આરતીમાં સહુએ ભાગ લીધો. પ. પૂ. સ્વા. શ્રી ગુરૂશરણાનંદજી મહારાજના આશ્રમના ઘાટ પર આરતી પાઠ કર્યા. શ્રી સંતરામ ભકત દશરથવાળા શ્રી મહેન્દ્રભાઈએ રસોડાની વ્યવસ્થા સંભાળી, સહુને સ્વાદિષ્ટ ભોજન આપ્યું.

શ્રી સંતરામ મંદિર, નડીઆદ તરફથી પ. પૂ. બ્રહ્મલીન મહંત શ્રી નારાયણદાસજી મહારાજની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે હરિદ્વારના ૬૦ જેટલા આશ્રમો, જે સંતરામ મંદિર સાથે પ્રેમ રાખે છે, ત્યાં ભંડારા નિમિત્તે ભેટ આપવામાં આવી.

નિત્યના શ્રી રામ ચરિત માનસ પારાયણમાં મ.મં. શતાયુસ્વામી શ્રી રામ સ્વરુપજી મહારાજ, પૂ. પૂ. સ્વા. શ્રી ચિદાનંદજી મહારાજ (મુનિજી) ઉદાસીન બડા અખાડાના પ. પૂ. મહંતશ્રી શંકરદાસજી મહારાજ, મહંતશ્રી રઘુમુનિજી કોઠારી રાજેન્દ્ર પ્રસાદજી મહારાજ, પ. પૂ. સ્વામીશ્રી સુરેન્દ્રમુનિજી મહારાજ, પૂ. પૂ. સ્વા. શ્યામ સુંદરદાસજી, પ. પૂ. સ્વા. શ્રી સિજી મહારાજ તથા અન્ય સંતવૃંદ ત્યાંનું ઉપસ્થિત હતું. શ્રી રામશંકર આશ્રમના મહંત શ્રી પ્રકાશમુનિજીનો વિશેષ સહયોગ હતો. ગંગેશ્વરધામ-દિલ્હીના પ. પૂ. મહંત શ્રી ભાસ્કારાનંદજીએ આ કાર્યક્રમ માટે સહયોગની તત્પરતા બતાવી હતી. આમ હરિદ્વારનું તીર્થ, ગંગાસ્નાન, પવિત્ર પારાયણ, સંતસાન્નિધ્યથી સહુએ ધન્યતા અનુભવી.

અહીંથી પ. પૂ. મહંત શ્રી મહારાજના વિશેષ પ્રેમ, શ્રી સંતરામ મંદિરના સહુના પ્રેમ સાથે સંકળાયેલ પ. પૂ. મંહતશ્રી દેવપ્રસાદજી મહારાજ (જામનગર), ત્યાં પારાયણમાં ઉપસ્થિત રહી, વિશેષ ભાવાંજલિ અર્પણ કરી હતી.

શ્રી સંતરામ મંદિર, વડોદરાના મહંત શ્રી ભરતદાસજી મહારાજ, મહંત શ્રી ગણેશદાસજી મહારાજની સાથે સંતશ્રી નિર્ગુણદાસજી મહારાજ, સંતશ્રી સત્યદાસજી મહારાજે આખા આયોજનમાં વિશેષ રસ લઈ, હરિદ્વાર જઈ સ્થળની મુલાકાત લઈ - તથા ભકતોના જવા-આવવાની, રીઝર્વેશનની અન્ય વ્યવસ્થામાં સહયોગ આપી કાર્યને સરળ બનાવ્યું છે. સંતવૃંદ સાથે ભકતવૃંદમાં પશાભાઈ-ઠાકોરભાઈએ વ્યવસ્થામાં સહયોગ આપી કાર્યને સરળ બનાવ્યું છે.

શ્રી સંતરામ મંદિરનું આ આધ્યાત્મિક અનુષ્ઠાનનું પર્વ, એમાં સહુને પાવન થવાનો મોકો, આનંદ પ્રાપ્ત થયો હતો.

॥ જય મહારાજ ॥

---

**જેની જ્યાં શ્રધ્ધા છે તે શ્રધ્ધા સાથે જ મનુષ્યને જોડે છે.**

## સંત પ્રેરણાના માનવ સેવા કાર્યોનું દર્શન

### યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડ જયોતિને વંદના....

**આત્મપ્રિય સ્વજનો,**

સૌને જય મહારાજ....

આ સંસ્થા તેના ૫૧ વર્ષ પુરા કરે છે. ત્યારે તેના ૨૦૦૮-૨૦૦૯ માં વર્ષનો અહેવાલ-હિસાબ આપ સહુ સમક્ષ રજુ કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

## સદ્‌વિચાર સમિતિ સંચાલિત
## શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય એન્ડ ડિસ્પેન્સરી

### (૧) શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય :
### અદ્યતન સાધનોથી સુસજ્જ આંખની હોસ્પિટલમાં....

### (અ) આઉટડોર વિભાગ :

આંખના કોઈપણ રોગની તપાસ તથા મોતીયા, વેલ, પરવાળા, ઝામર, નાસુર, ત્રાંસી આંખ વિગેરેના ઓપરેશન કરાવતા પહેલા આઉટડોર વિભાગના આંખના રોગોનું નિદાન-સારવાર કરાવવા આવતા દર્દીઓ પાસેથી રૂા. ૫-૦૦ જેવી નજીવી ફી લઈ સંસ્થાના કુલ-૬ આંખના અનુભવી અને આંખના નિષ્ણાંત સર્જન દર્દીઓને દરરોજ તપાસે છે. હવે પછી જુના કેસની ફી રૂા. ૧/- લેવાતી હતી તે બંધ કરવામાં આવી છે એટલે જુના કેસ ઉપર તપાસ વિના મુલ્યે કરવામાં આવશે.

### ❖ આઉટડોરમાં આંખના ચશ્માના નંબરનો તપાસ વિભાગ :

આંખના ચશ્માના નંબર તપાસવા માટે અદ્યતન ઓટો રીફ્રેકટોમીટર (કોમ્પ્યુટર મશીન) ઉપર ખાસ અનુભવી રીફ્રેકશનીસ્ટ દ્વારા ચકાસણી કરી ચશ્માના નંબર કાઢી આપવામાં આવે છે.

### ❖ કોન્ટેકટ લેન્સ કલીનીક :

આઉટડોર વિભાગમાં ચશ્મા પહેરવાને બદલે આંખની કીકી ઉપર લગાવવાના લેન્સ જેને કોન્ટેકટ લેન્સ કહે છે. જે અંગે અનુભવી અને નિષ્ણાંત આંખના સર્જન આંખની તપાસ કરી, કોન્ટેકટ લેન્સ કયા નંબરના અને કેવા પ્રકારના કોન્ટેકટ લેન્સ કીકી ઉપર બેસાડી શકાય અને તે અંગે કેવી કાળજી રાખવી તે અંગે સલાહ - સુચન આપે છે. તેમજ કોન્ટેકટ લેન્સ સંસ્થા મારફત સસ્તા દરે મેળવી આપવાની વ્યવસ્થા કરે છે.

## ❖ આઉટડોર વિભાગમાં ઉપલબ્ધ અદ્યતન સાધનો :

| | | |
|---|---|---|
| ❊ ઓપ્થલમોસ્કોપ | : | આંખની તપાસ માટેનું અદ્યતન ઇમ્પોર્ટેડ સાધન |
| ❊ ઇનડાયરેકટ ઓપ્થલમોસ્કોપ | : | પડદાની રોગોની ઝીણવટભરી તપાસ માટેનું સાધન |
| ❊ ઓટોરીફ્રેક્ટોમીટર | : | કોમ્પ્યુટર દ્વારા ચશ્માના નંબર તપાસવા માટેનું સાધન |
| ❊ કીરોટોમીટર | : | કોન્ટેક્ટ લેન્સ બેસાડવા માટેનું, નિદાન કરવા માટેનું સાધન. |
| ❊ લેન્સોમીટર | : | ચશ્મા ચેક કરવાનું મશીન |
| ❊ નોન કોન્ટેક્ટ ટોનોમીટર | : | આંખનું દબાણ માપવા માટેનું મશીન. |
| ❊ સીનોપ્ટોફોર | : | ત્રાંસી આંખના ઓપરેશન પછી કસરત- નિદાન માટેનું સાધન. |
| ❊ પેરીમીટર | : | આંખમાં ઝામરનું પ્રમાણ કેટલુ છે, તેની ઝીણવટ ભરી તપાસ કરવાનું ઇમ્પોર્ટેડ મશીન. |
| ❊ સ્લીટલેમ્પ | : | આંખની ઝીણવટભરી તપાસ માટેનું અત્યંત આધુનિક સાધન. |
| ❊ યાગ લેસર | : | લેસર કિરણો દ્વારા છારી કાઢવાનું અત્યંત આધુનિક ઇમ્પોર્ટેડ મશીન. |
| ❊ એ-સ્કેન | : | નેત્રમણિ (IOL) ના નંબર તપાસવા માટેનું મશીન. |
| ❊ ફેકો મશીન | : | ફેકો લેસર મશીનથી મોતિયાના ઓપરેશન કરવાનું મશીન. |

## ❖ વગર ઓપરેશને યાગ લેસર દ્વારા છારી દૂર કરવાનો વિભાગ :

મોતીયાના સાદા ઓપરેશન પછી કે નેત્રમણિ મુકાવ્યા પછી થતી છારી, વગર ઓપરેશને આઉટડોર વિભાગમાં ઇમ્પોર્ટેડ યાગ લેસર મશીનથી સંસ્થાના અનુભવી અને આંખના નિષ્ણાંત સર્જન દ્વારા લેસર કિરણોથી દૂર કરવામાં આવે છે. અને આવા દર્દીઓને તુરંત ઘરે જવા રજા આપી શકાય છે. યાગ લેસર દ્વારા થયેલી સારવારથી દુઃખાવો થતો નથી. સોજો આવતો નથી. અને ખૂબ જ સહેલાઇથી જોખમ વગર છારી દૂર કરવામાં આવે છે.

## ❖ ઝામર (Glucoma) રોગની વિશિષ્ટ સારવાર :

ઝામર (Glucoma) ની તપાસ માટેનું અદ્યતન ઇમ્પોર્ટેડ પેરીમીટર મશીન દ્વારા દર્દીની આંખમાં ઝામરનું પ્રમાણ કેટલુ છે તેની ઝીણવટ ભરી તપાસ કરી તેનો ગ્રાફ પ્રિન્ટ થઇને બહાર આવે છે. તે ગ્રાફના આધારે સંસ્થાના અનુભવી અને નિષ્ણાંત આંખના સર્જન ચોકસાઇપૂર્વક આંખની ચકાસણી કરી સેવા સારવાર કરે છે. જરૂર લાગે તેવા દર્દીઓના ઝામર (Glucoma)ના ઓપરેશન કરવામાં આવે છે. હવે ગ્લુકોમાના ઓપરેશન માટે સ્પેશિયાલીસ્ટ ડૉક્ટર દર માસના બીજા અને ચોથા રવિવારે આવશે. જરૂરિયાતવાળા દર્દીની તપાસ કરી ઓપરેશન પણ કરશે.

## ❖ ત્રાંસી આંખ વિભાગ :

જે વ્યકિતઓની ત્રાંસી આંખ હોય તે વ્યકિતઓને આંખના નિષ્ણાંત તબીબો ચકાસણી કરી જરૂર લાગે તેઓની આંખો સામાન્ય સ્થિતિમાં લાવવા અંગેના ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવે છે. ત્રાંસી આંખ માટે સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર દર માસના પહેલા અને ત્રીજા રવિવારે આવશે અને યોગ્ય દર્દીની તપાસ તથા ઓપરેશન કરશે.

## ❖ આંખના પડદા (Retina) ના રોગોની વિશિષ્ટ સારવાર વિભાગ :

આંખના પડદાના નિષ્ણાંત સર્જન ડૉ. નિશાંત પટેલ D.O.M.S., F.R.C.S., F.V.F., F.E.R.C. તથા ડૉ. અનુજ અમીન દર બુધવારે તથા દર રવિવારે અદ્દતન સાધનો દ્વારા આંખના પડદાના રોગોની વિશિષ્ટ સારવાર આપે છે તથા યોગ્ય દર્દીના ઓપરેશન પણ કરે છે.

## (બ) ઈનડોર વિભાગ :

ઇનડોર દર્દીઓ માટે જનરલ વોર્ડમાં ૧૭૦ પથારી તથા ૫ સેમી સ્પે.રૂમો સાથે કુલ ૧૭૫ પથારીની સગવડ છે. આંખના ઓપરેશન પહેલા અને ઓપરેશન બાદ ઇનડોરમાં દાખલ થયેલા દર્દી તથા બરદાસીને રહેવાની, બપોરે-રાત્રે જમવાની, સવાર-સાંજ ચ્હા-નાસ્તાની સુવિધા વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. ઉપરાંત મોતિયાનું ઓપરેશન કરાવનાર દર્દીઓને ઓપરેશન બાદ આંખે પહેરવાના કાળા ગોગલ્સ વિના મૂલ્યે આપવામાં આવે છે. ઓપરેશન કરાવનાર આંખના દર્દીઓને ઓપરેશન પહેલા તથા પછી લેવાની દવા પણ વિના મૂલ્યે આપવામાં આવે છે.

## (ક) ઓપરેશન થીયેટર વિભાગ :

અદ્દતન એરકન્ડીશન ઓપરેશન થીએટરમાં ઓપરેટીંગ માઇક્રોસ્કોપ કાર્લઝેઇસ જર્મની કંપનીના કુલ ૩ તથા ઓપરેશન ટેબલ કુલ ૩ તથા અન્ય ઓપરેશનના સાધનોથી સુસજજ ઓપરેશન થીએટરમાં સંસ્થાના ફુલટાઇમ અનુભવી અને આંખના નિષ્ણાત તબીબો- ૬ ધ્વારા સોમવારથી શનિવાર દરરોજ એક સાથે ત્રણ દર્દીઓના ઓપરેશન કરવાથી સુવિધા પ્રાપ્ય છે. અને મોતિયા, વેલ, પરવાળા, નાસુર, ત્રાંસી આંખ, વિ.આંખના ઓપરેશન મફત કરવામાં આવે છે. હવે ઉત્તરો ઉત્તર વધતા ઓપરેશનને અનુલક્ષી બીજા ૨ ટેબલનું ઓપરેશન થીયેટર પણ તૈયાર કરવામાં આવ્યું છે અને ડૉકટરને ઓપરેશન માટે જલદી સાધનો પુરાં પાડવા ઈલેકટ્રીકથી ઓટોકલેવ થાય તેના મશીનની સુવિધા પણ કરવામાં આવી છે.

મોતિયાના ઓપરેશન ટાંકા લીધા વગર **SICS** પધ્ધતિથી ફકત નાનું છીદ્ર કરી કરવામાં આવે છે અને મોતિયાના ઓપરેશન બાદ નેત્રમણિ (**IOL**) વિના મૂલ્યે મુકી આપવામાં આવે છે.

## (ડ) ફેકો (Phaco) લેસર મશીન ધ્વારા મોતિયાના ઓપરેશનનો વિભાગ :

સંસ્થામાં, અનુભવી અને બાહો શ આંખના નિષ્ણાંત તબીબો કિંમતી ઇમ્પોર્ટેડ ઓપરેટીંગ માઇક્રોસ્કોપ તથા જગવિખ્યાત **ALCON U.S.A.** કંપનીના કિંમતી અને ઇમ્પોર્ટેડ ફેકો લેસર મશીન દ્વારા મોતિયાના ઓપરેશનનો અલાયદો વિભાગ શરૂ કરાયેલ છે, જેમાં ખૂબ જ ઓછો ચાર્જ લઇ મોતિયાના ઓપરેશન ફેકો લેસર મશીન દ્વારા પીડા રહીત ફકત ૩ મિ.મિ. છિદ્ર કરી ટાંકા લીધા વગર મોતિયાના ઓપરેશન કરી ઉંચી ગુણવત્તાવાળા ફોલ્ડેબલ નેત્રમણિ (**IOL**) મુકવામાં આવે છે. જેનો ચાર્જ લેવામાં આવે છે. આ ફેકો લેસર મશીન દ્વારા ઓપરેશન કરાવનાર દર્દીઓને ઓપરેશન બાદ થોડાક જ સમયમાં રજા આપવામાં આવે છે, અને હોસ્પિટલમાં રહેવાની જરૂર રહેતી નથી. હવે ફેકો ઓપરેશનનો ચાર્જ વધુ ઓછો કરવામાં આવેલ છે જેથી વધુ દર્દીઓ તેનો લાભ લઈ શકે.

આ નવા શરૂ કરાયેલા ફેકો લેસર મશીન દ્વારા મોતિયાના ઓપરેશનના વિભાગમાં, જેઓ પૈસા ખર્ચી શકે છે તેવી વ્યકિતઓ તરફથી દિન-પ્રતિદિન ખૂબ જ સારો પ્રતિભાવ સાંપડ્યો છે અને વધુને વધુ વ્યકિતઓ લાભ લઇ રહ્યા છે.

- ❖ પ.પૂ. મહારાજશ્રીના શુભાશીર્વાદથી સિહોરમાં આવેલ શ્રી નંદલાલ મુળજી ભુતા મેડીકલ ફાઉન્ડેશન દ્વારા ચાલતા વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન કેમ્પોમાં ગરીબ દર્દીઓને આંખના મોતિયાના ઓપરેશન બાદ મુકાતા નેત્રમણિ (IOL) દાન કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન કુલ ૩૦૦ લેન્સ (નેત્રમણિ) ફ્રી આપ્યા.

- ❖ વારંવાર વીજળી પુરવઠો ખોરવાઇ જતો હોવાથી તાત્કાલિક વિજળી ચાલુ રહે તે માટે સંસ્થાએ ઇન્વર્ટર તથા ૧૨૫ કે.વી.ના જનરેટરની વૈકલ્પિક વ્યવસ્થા કરેલી છે.

- ❖ પ.પૂ.શ્રી રામદાસજી મહારાજની આજ્ઞાનુસાર યુવક-યુવતીના આંખના ચશ્માના નંબર લેસર કિરણો દ્વારા આંખના ઓપરેશન અડધી કીંમતે કરી આપવામાં આવે છે. જેનાથી ચશ્માના નંબર દૂર થાય છે.

અત્રેની આંખની હોસ્પિટલમાં અનુભવી અને આંખના નિષ્ણાત કુલ છ તબીબો ખંતથી સેવા બજાવે છે. ઉપરાંત દરેકે દરેક કર્મચારીઓ જે ખંતપૂર્વક ફરજ બજાવે છે જે ખરેખર સરાહનીય છે. અને તેને કારણે દિન-પ્રતિદિન કામગીરીમાં ઉત્તરોત્તર વધારો થતો રહેશે જેમાં સહેજેય અતિશયોકિત નથી.

**ગુજરાત રાજય સરકારશ્રી તરફથી શ્રી સંતરામ નેત્રચિકિત્સાલય નડીઆદને સને ૨૦૦૬-૨૦૦૭, ૨૦૦૭-૨૦૦૮ તથા ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટે રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમમાં ગુજરાત રાજયમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં આ સંસ્થાનું પ્રથમ યોગદાન માટે સરકારશ્રી તરફથી પ્રશસ્તિપત્ર (Certificate) સન્માન સાથે આપવામાં આવેલ છે.**

## સંસ્થાની છેલ્લા ૧૦ વર્ષની કામગીરી

| વર્ષ | આંખની સારવાર લેનાર દર્દીની સંખ્યા | આંખના ઓપરેશન કર્યા | વર્ષ | આંખની સારવાર લેનાર દર્દીની સંખ્યા | આંખના ઓપરેશન કર્યા |
|---|---|---|---|---|---|
| ૧૯૯૯-૦૦ | ૧,૨૧,૨૧૩ | ૯,૯૭૨ | ૨૦૦૪-૦૫ | ૧,૫૮,૬૦૯ | ૧૧,૭૬૮ |
| ૨૦૦૦-૦૧ | ૧,૧૫,૯૩૫ | ૯,૭૫૯ | ૨૦૦૫-૦૬ | ૧,૪૯,૬૭૧ | ૧૦,૮૪૨ |
| ૨૦૦૧-૦૨ | ૧,૧૨,૯૩૬ | ૯,૬૭૦ | ૨૦૦૬-૦૭ | ૧,૭૪,૯૧૭ | ૨૧,૧૬૮ |
| ૨૦૦૨-૦૩ | ૧,૧૭,૫૪૧ | ૧૦,૦૯૩ | ૨૦૦૭-૦૮ | ૧,૮૬,૫૫૫ | ૨૨,૨૦૯ |
| ૨૦૦૩-૦૪ | ૧,૧૫,૭૦૭ | ૧૨,૬૧૧ | ૨૦૦૮-૦૯ | ૧,૯૧,૬૭૭ | ૨૦,૩૦૭ |

## (૨) જનરલ ડીસ્પેન્સરી :

છેલ્લા પાંચ વર્ષથી ડૉ. આઇ.સી. પટેલની હોસ્પિટલવાળા વિશાળ મકાનમાં ચલાવવામાં આવતી જનરલ ડીસ્પેન્સરીમાં, સામાન્ય શરદી, તાવ, ઝાડા-ઉલ્ટી, બી.પી., ડાયાબીટીસ, માથાનો દુ:ખાવો, ચામડીના સામાન્ય રોગો, મેલેરિયા, ટાઇફોઇડ વિ.રોગો અને શરીરના ભાગ ઉપર વાગવાથી કરાવવી પડતી સારવાર વિ.ની નિદાન-સારવાર અંગે એલોપેથીક દવાઓ, ઇન્જેકશનો, ડ્રેસીંગ વગેરે એક દિવસના ફકત રૂા. ૫-૦૦ ટોકન ફી લઇ સંસ્થા દ્વારા રોકાયેલા ફુલ ટાઇમ ૩ તબીબો દર્દીઓની દવા-સારવાર કરે છે. જુના કેસ ઉપર દવાના એક દિવસની ટોકન ફી રૂા. ૧-૦૦ લઇ દવા આપવામાં આવે છે. જુના કેસની કેસ ફી હવે રદ કરવામાં આવે એટલેકે જુનો કેસ નિઃશુલ્ક કાઢી આપવામાં આવે છે.

આ જનરલ ડીસ્પેન્સરીમાં દરરોજ આશરે ૫૦૦ દર્દીઓ નિદાન, દવા સારવાર કરાવે છે. રોગચાળો કે ચોમાસા જેવી ઋતુમાં દરરોજ આશરે ૭૦૦ થી ૮૦૦ દર્દીઓ લાભ લે છે. ઉપરાંત મરડો, ડાયાબીટીસ, રતવા, મેલેરીયાનો તાવ, પથરી જેવા દર્દીની દવા શ્રી સંતરામ મંદિર, નડિયાદના પૂજ્ય મહારાજશ્રી પાસેથી અપાય છે.

| છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જનરલ ડીસ્પેન્સરી વિભાગમાં લાભ લેનાર દર્દીઓની સંખ્યા | | | |
|---|---|---|---|
| **વર્ષ** | **દર્દીઓની સંખ્યા** | **વર્ષ** | **દર્દીઓની સંખ્યા** |
| ૨૦૦૩-૨૦૦૪ | ૧,૧૫,૭૦૭ | ૨૦૦૬-૨૦૦૭ | ૧,૧૫,૧૪૨ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૧,૧૫,૭૫૭ | ૨૦૦૭-૨૦૦૮ | ૧,૦૨,૫૪૩ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૧,૦૫,૫૦૧ | ૨૦૦૮-૨૦૦૯ | ૯૩,૫૧૧ |

### જનરલ ડીસ્પેન્સરીમાં ચાલતુ બાળરોગ વિરોધી રસી કેન્દ્ર :

જનરલ ડીસ્પેન્સરીમાં દર સોમવારે ત્રિગુણી રસી, પોલીયો, વેકસીન, ઓરી (મેઝલ્સ) ની રોગ વિરોધી, રસીઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.

- ❖ બ્રહ્મલીન પ.પૂ.શ્રી નારાયણદાસજી મહારાજશ્રી પ્રેરિત અને પ્રવર્તમાન પ્રાતઃસ્મરણિય પ.પૂ. શ્રી રામદાસજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી શ્રી સંતરામ મંદિર, રઢુમાં દવાખાનું (જનરલ ડીસ્પેન્સરી) ચાલુ છે. જે દર બુધવાર તથા રવિવારના રોજ અનુભવી તબીબી દ્વારા દર્દીઓને તપાસી રૂા. ૨-૦૦ જેવી ટોકન ફી લઇ ત્રણ દિવસની મફત દવા આપવામાં આવે છે.
- ❖ શ્રી સંતરામ મંદિર, કોયલી અને શ્રી સંતરામ મંદિર, કરમસદમાં પણ સામાન્ય રોગોની સારવાર ઉપરાંત હાથ-પગની કણીની સારવાર આપવામાં આવે છે.
- ❖ છેલ્લા આઠ વર્ષથી પ.પૂ.શ્રી સંતરામ મહારાજશ્રી તથા ત્યાર પછીના બધા જ મહંતશ્રીઓની તિથિના દિવસોએ તમામ આરોગ્ય સેવા સંસ્થાઓમાં વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

# શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટ દ્વારા ચાલતા સેવા પ્રકલ્પો

## (૧) દાંત વિભાગ :

દાંત વિભાગમાં અનુભવી અને નિષ્ણાત ડેન્ટલ સર્જન ફરજ બજાવી રહ્યા છે. રૂા.૫-૦૦ જેવી નજીવી તપાસ ફી લઇ આઉટડોર વિભાગમાં દર્દીઓને તપાસવામાં આવે છે. દરેક પ્રકારના દાંતના રોગોની સારવાર ઉપરાંત દાંતમાં સીમેન્ટ, ચાંદી પુરવાની, ખરાબ દાંત-દાઢ પાડવાની, નવા દાંતના ચોકઠાં બનાવવાની વિગેરે કામગીરી કરવામાં આવે છે. ચાલુ સાલે જુના કેસની કેસ ફી તથા દાંત પાડવાની ફી પણ રદ કરવામાં આવી છે.

## (૨) નિષ્ણાત તબીબોની સેવા :

હૃદયરોગ, બાળરોગ, કાન-નાક-ગળુ, ચામડી રોગ, ઓર્થોપેડીક, સ્ત્રી રોગ, પ્લાસ્ટીક સર્જરી, કેન્સર વિગેરે રોગો નિષ્ણાત તબીબો રૂા. ૧-૦૦ જેવી નજીવી તપાસ ફી લઇ દર્દીઓને તપાસે છે. કેન્સરના દર્દીઓની તપાસ તથા સારવાર અમદાવાદની એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટુકડી દર ત્રીજા મહિને ત્રીજા શનિવારે આવે છે.

ઉપરાંત હોમિયોપેથીક અને એકયુપ્રેસર (કુદરતી ઉપચાર અને મચકોડ તથા મણકાના દર્દોના ઉપચારોના) નિષ્ણાતો વિના મુલ્યે દર્દીઓને તપાસી સારવાર આપે છે.

## (૩) શ્રી સંતરામ પેથોલોજીકલ લેબોરેટરી :

અગાઉ અમુક જ લેબોરેટરી ઇન્વેસ્ટીગેશન અત્રેની લેબોરેટરીમાં થતા હતા અને સ્પે. લેબોરેટરી ઇન્વેસ્ટીગેશન માટે પ્રાઇવેટ લેબોરેટરી અથવા બહારગામની લેબોરેટરીમાં જવુ પડતુ હતું. પરંતુ, પ્રાતઃસ્મરણિય પ.પૂ.શ્રી રામદાસજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર અને શુભાશીર્વાદથી અત્રેની લેબોરેટરીમાં **ફુલટાઇમ પેથોલોજીસ્ટ**ની નિમણુંક કરાયેલી હોવાથી તમામ પ્રકારના સામાન્ય લેબોરેટરી ઇન્વેસ્ટીગેશન ઉપરાંત સ્પેશીયલ લેબોરેટરી ઇન્વેસ્ટીગેશન અત્રેની લેબોરેટરી દ્વારા ઉપલબ્ધ કરાયેલ છે. જે સૌ માટે ગૌરવ સમાન છે. લેબોરેટરીમાં ટોકન ફી છે અને તે પણ ગરીબ દર્દીઓને માટે ફી રાહત કરવામાં આવે છે.

## (૪) શ્રી સંતરામ સોનો-એકસ-રે કિલનીક :

છેલ્લા કેટલાક વર્ષોથી દિન-પ્રતિદિન દર્દીઓની સંખ્યામાં વધારાને કારણે તથા દર્દીઓને વધુ સુવિધાઓ ઉપલબ્ધ થાય અને સમયસર રીપોર્ટ દર્દીઓને મળી રહે તેવા શુભ હેતુથી પ્રાતઃસ્મરણીય પ.પૂ. શ્રીરામદાસજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર અને આશીર્વાદથી આ **કિલનિકમાં અનુભવી અને નિષ્ણાત ૨ ફુલટાઇમ રેડિયોલોજીસ્ટ**ની નિમણુંક કરવામાં આવી છે.

સાદા (Plain) એકસ-રે ઉપરાંત ખાસ પ્રકારના (Special Investigation) વાળા એકસ-રે ના 500 MA અદ્યતન એકસરે મશીન ઉપર પાડવામાં આવે છે. દરરોજ આશરે ૧૫૦ એકસરે તથા આશરે ૧૦૦ સોનોગ્રાફી કરવામાં આવે છે. અને તેના ઇન્વેસ્ટીગેશન રીપોર્ટીંગ અનુભવી અને નિષ્ણાત રેડીયેલોજીસ્ટ દ્વારા સમયસર કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન કુલ ૩૪૪૨૪ એકસરે પાડવામાં આવેલા. ૨૦૦૭-૨૦૦૮ માં કુલ ૨૯૨૪૦ સોનોગ્રાફી કરવામાં આવેલી છે. સોનોગ્રાફી માટે ફીલીપ કંપનીનું તથા G.E. WIPRO કંપનીનું કલર ડોપ્લર મશીન પણ વસાવવામાં આવ્યું છે, જેનાથી ઝીણામાં ઝીણી નસોનું સ્કીન

ઉપર અવલોકન કરી શકાય છે અને તેની પ્લેટ પણ નીકળી શકે છે, તે પ્લેટ રેડિયોલોજીસ્ટના રીપોર્ટ સાથે દર્દીને ડૉક્ટરની વધુ સારવાર માટે આપી શકાય છે. ગરીબ દર્દીઓને ઓછી ફી માંથી પણ રાહત કરી આપવામાં આવે છે.

વર્ષ દરમ્યાન એન્ડોસ્કોપીની સારવાર કરવામાં આવેલી, સવારે ૮-૩૦ વાગે, દર ગુરુવારે ડૉ. મનોજ કટારીયા દર્દીઓની એન્ડોસ્કોપીની તપાસ કરે છે.

## (૫) શ્રી સંતરામ સી.ટી.સ્કેન સેન્ટર :

માર્ચ ૨૦૦૭માં જુનુ સી.ટી. સ્કેન મશીન બદલી નવુ Spiral સી.ટી.સ્કેન મશીન G.E.WIPRO મારફતે ગોઠવેલ છે જેમાં અનુભવી અને નિષ્ણાત રેડીયોલોજીસ્ટની દેખરેખ હેઠળ સી.ટી. સ્કેન મશીનથી મગજ, છાતી, આંતરડા, ફેફસાં તથા પેટના ફોટા પાડી દર્દીઓને નિદાન રીપોર્ટ સાથે આપવામાં આવે છે. આ પ્રકારના મશીનથી પ્રાઈવેટ સેન્ટરોમાં સાત-આઠ હજાર રૂપિયા ખર્ચીને ફોટો પડાવ્યા બાદ નિદાન કરાવવુ પડતું. જયારે અત્રેના નવા સી.ટી. સ્કેન મશીનથી જુદા જુદા ભાગ પ્રમાણે રૂા. ૬૦૦-૦૦ થી લઇ રૂા. ૧૫૦૦-૦૦ જેવી નજીવી ફી લઇ ગરીબ - મધ્યમ વર્ગના દર્દીઓને સહાયરૂપ થવાના શુભ હેતુથી સેવા કરવામાં આવે છે. અને તેમાં પણ ગરીબ દર્દીઓને રાહત કરી આપવામાં આવે છે.

સમગ્ર ગુજરાતમાં તથા કદાચ ભારતમાં આ પ્રકારની ધર્માદા સેવા શરૂ કરવાનું શ્રેય શ્રી સંતરામ મંદિરને પ્રાપ્ત થયું છે. અમદાવાદ અને વડોદરાથી પણ દર્દીઓ આ સેન્ટરનો લાભ લે છે. દરરોજ આશરે ૧૫-૨૦ દર્દીઓ આ સી.ટી. સ્કેન સેન્ટરનો લાભ લે છે.

## (૬) શ્રી સંતરામ પોલિયો ફાઉન્ડેશન અને ફિઝીયોથેરાપી સેન્ટર :

આ વિભાગમાં પોલિયોના દર્દીઓ ઉપરાંત હાડકાના તથા સાંધાના રોગો, ઓર્થોપેડીક ઓપરેશનવાળાને આ સેન્ટરમાં વસાવેલા અદ્યતન સાધનો જેવા કે, વાઇબ્રેટર, શોર્ટવેવડાયાથર્મી, ટ્રેકશન સરવાઇકલ, સ્ટીમ્યુલેટર, અલ્ટ્રાવાયોલેટ લેમ્પ, વેકસબાથ, ઇન્ફ્રારેડ વગેરે સાધનો દ્વારા તેમજ અન્ય કસરત (એકસરસાઇઝ) ફુલટાઇમ ફીઝીયોથેરાપીસ્ટના માર્ગદર્શન અને સીધી દેખરેખ હેઠળ રૂા. ૨-૦૦ જેવો તદ્દન નજીવો ચાર્જ લઇ સારવાર આપવામાં આવે છે.

બહારગામના તેમજ ગામના અશકત દર્દીઓને સુવિધા મળે તે હેતુથી ફીઝીયોથેરાપી સેન્ટરમાં ૧૦ રૂમો બાંધવામાં આવી છે, જેમાં અશકત દર્દીઓ તથા બરદાસી સાથે રહી શકે અને દરરોજ સમયસર સારવાર લઇ શકે. રહેનાર દર્દી તથા સાથે એક બરદાસીને માટે મફત ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. ચાલુ સાલે સેન્ટરમાં નીચે મુજબના સાધનો તેની સામે દર્શાવેલ રોગો માટે વસાવવામાં આવ્યા છે.

| **સાધનનું નામ** | **હેતુ** |
|---|---|
| મોઇસ્ટ ટીટ | સ્નાયુના જકડાશમાં ઉપયોગી |
| માઇક્રો કંટ્રોલ | સ્નાયુને મજબુત બનાવવા |
| વેકયુમ ઇન્ટરકેરેન્શીઅલ | દુઃખાવાની રાહત માટે |
| લેન્સર | દુઃખાવાની રાહત માટે |
| કોમ્બોથેરાપી | સોજો ઉતારવા માટે સ્નાયુની નબળાઇ દૂર કરવા. ટાંકાના રૂઝાવા માટે |

## (૭) શ્રી સંતરામ નિઃશુલ્ક ઔષધ સેવાકેન્દ્ર :

શ્રીમતી કમળાબેન જેઠુભાઇ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અને ડૉ. કનૈયાલાલ રમણલાલ શાહ તથા શ્રીમતી દક્ષાબેન કનૈયાલાલ શાહ ભાનેરવાળા ચેરીટેબલ ટ્રસ્ટ.

આ બંને ટ્રસ્ટો અને શ્રી સંતરામ મંદિરની મુખ્ય સહાયથી શ્રી સંતરામ મંદિર,: નડીઆદના પરિસરમાં ચાલતા ઔષધ સેવા કેન્દ્રમાંથી ડૉક્ટરના પ્રિસ્ક્રીપ્શન (દવાનો કાગળ) મુજબ જરૂરિયાતવાળા દર્દીઓને ઉપલબ્ધ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.

## (૮) શ્રી સંતરામ ફ્રી ઓકિસજન બેન્ક :

જરૂરિયાતવાળા દર્દીઓને ઘેર ઓકસીજન લેવાની જરૂર પડે ત્યારે ખાનગી કે અન્ય ધર્માદા હોસ્પિટલો પોતાની હોસ્પિટલ સિવાય ઘરે ઓકસીજન બોટલ આપતા ન હોવાથી દર્દીઓ હાલાકીમાં ના મુકાય તેથી આ તકલીફ દૂર કરવા, ઓકસીજન બોટલ દર્દીને ઘરે ઉપયોગની જરૂરિયાત ઉભી થાય તેવા સંજોગોમાં ડૉક્ટર્સની ભલામણ ચિઠ્ઠી પ્રમાણે વિનામૂલ્યે ઓકસીજન બોટલ આપવામાં આવે છે.

## (૯) શ્રી સંતરામ એમ્બ્યુલન્સવાન (નિઃશુલ્ક સેવા) :

આકસ્મિક સંજોગોમાં જરૂરિયાતવાળા દર્દીઓને તેમજ મૃતદેહોને જે તે સ્થળે લાવવા લઇ જવા માટે વહેલા તે પહેલાના ધોરણે ભેદભાવ (નાત-જાત-ધર્મ-આર્થિક પરિસ્થિતિ વગેરે) વગર એમ્બ્યુલન્સવાન વિના મૂલ્યે સેવામાં ઉપલબ્ધ હોય છે.

## (૧૦) સ્ત્રીઓની કાન-બુટ્ટી સાંધવાનો વિભાગ :

ગ્લોબ સિનેમા પાછળ, ડૉ.આઇ.સી.પટેલની હોસ્પિટલવાળા મકાનમાં ડીસ્પેન્સરી વિભાગ ચાલે છે તે જગ્યાએ સ્ત્રીઓની કાન-બુટ્ટીની ચકાસણી કરી, હવે દરરોજ કાન-બુટ્ટી સાંધવાની કામગીરી કરવામાં આવે છે.

## (૧૧) કાર્ડિયોગ્રામ વિભાગ :

શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલયના સામેના ચિકિત્સા ભવન બિલ્ડીંગમાં આ વિભાગમાં સોમવારથી શનિવારના દિવસોએ હૃદયરોગના નિષ્ણાત તબીબો નિયત સમયે આવે છે, જેમાં નજીવા દરે કાર્ડિયોગ્રામ લેવામાં આવે છે.

## (૧૩) અંત્યેષ્ઠી સંસ્કાર :

નડીઆદ શહેર કે આજુબાજુના વિસ્તારમાં કોઇ અજાણી વ્યકિત રેલ્વે અકસ્માતમાં મરણ પામે કે સાધુ-અભ્યાગત અવસાન પામે અને તેની અંતિમ ક્રિયા કરનાર કોઇ ન હોય તો શ્રી સંતરામ મંદિરમાં જાણ કરવાથી તેની અંતિમક્રિયાની વ્યવસ્થા થાય છે. આ ઉપરાંત મૃતદેહોની અસ્થિ વિસર્જન બનારસ ગંગા નદીમાં થાય તેની પણ વ્યવસ્થા સ્મશાનમાંથી જ કરવામાં આવેલ છે.

## (૧૪) સર્જરી કેમ્પ

શ્રી સંતરામ જનસેવા તરફથી હરણિયાના નિઃશુલ્ક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૭૦ દર્દીઓએ નામ નોંધાવેલ. આ દર્દીઓની અગાઉની તપાસ જેવી કે એકસ-રે, સોનોગ્રાફી, કાર્ડીઓગ્રામ, લેબોરેટરી વિગેરે તૈયાર કરવામાં આવેલ ત્યારબાદ નીચે દર્શાવેલ સ્થાનિક સર્જન ફિઝિશિયન ડૉક્ટરોએ દરેક દર્દીને તપાસી ઓપરેશન માટે યોગ્ય દર્દીઓને તારવી કાઢેલ કુલ ૧૫૮ દર્દીઓ હતા.

| | | |
|---|---|---|
| ૧. ડૉ. એસ. આર. શાહ | ૨. ડૉ. ચેતનભાઈ શાહ | ૭. ડૉ. નિતીશ અગ્રવાલ |
| ૩. ડૉ. અનીલભાઈ મહેતા | ૪. ડૉ. કલ્યાણી સાહેબ | |
| ૫. ડૉ. દિપકભાઈ મિસ્ત્રી | ૬. ડૉ. ગૌરાંગભાઈ શાહ | |

કુલ ૧૫૮ દર્દીઓને હરણીયાના ઓપરેશન નેટ સાથે શ્રી મુની સેવા આશ્રમમાં નિઃશુલ્ક ઓપરેશન કરાવેલ ઓપરેશન બાદ પણ નીચે જણાવેલ ડૉક્ટરોએ ડ્રેસીંગ તથા ટાંકા તોડવાની સેવા આપેલ

૧. ડૉ. ચેતનભાઈ શાહ, ૨. ડૉ. ગૌરાંગભાઈ શાહ, ૩. ડૉ. નિતીશ અગ્રવાલ

## (૧૫) પિત્તાશયની પથરીનો નિઃશુલ્ક કેમ્પ

પિત્તાશયની પથરી માટે નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું અને દર્દીઓનાં નામ તથા પ્રાથમિક તપાસ કરવાનું શરુ કર્યું કુલ ૧૫૯ દર્દીઓની નોંધણી તથા તપાસ કરી.

આ ઓપરેશન માટે અમેરિકાના સર્જન શ્રી પરેશભાઈ પટેલ તથા સ્થાનિક ડૉક્ટરો આવેલા. નીચે દર્શાવેલ સ્થાનિક સર્જન, ફીઝિશિયન તથા એનસ્થેટીસ્ટ ડૉક્ટરોએ તપાસ માટે સેવા આપેલી.

તપાસ બાદ નિયત કરેલ તારીખે ૧૦૩ દર્દીઓને કૃષ્ણ હોસ્પીટલ - કરમસદ મોકલી આપેલ. જયાં સર્જન ડૉ. પરેશભાઈએ નિઃશુલ્ક ઓપરેશન કરેલ. ઓપરેશન બાદ ડ્રેસીંગ તથા ટાંકા તોડવાની નીચે જણાવેલ સ્થાનિક ડૉક્ટરોએ સેવા આપેલ

૧. ડૉ. ચેતનભાઈ શાહ, ૨. ડૉ. ગૌરાંગભાઈ શાહ, ૩. ડૉ. નિતીશ અગ્રવાલ

### કેમ્પના સેવાર્થે હાજર રહેલા ડૉક્ટર

| | | | |
|---|---|---|---|
| સર્જન : | ડૉ. પરેશભાઈ | ફીઝીશીયન : | ડૉ. અનીલભાઈ મહેતા |
| | ડૉ. ગૌરાંગભાઈ શાહ | | ડૉ. એસ. આર. શાહ |
| | ડૉ. મનોજભાઈ કટારીઆ | | |

| | | |
|---|---|---|
| એનેસ્થેશીયા : | ડૉ. કલ્યાણી સાહેબ | ડૉ. મિસ્ત્રી સાહેબ |
| | ડૉ. અલકાબેન દવે | ડૉ. માધવીબેન |
| | ડૉ. નીતીજકુમાર | |

સોનો ગ્રાફી, એકસ-રે, સ્ટાફ, લેબનો સ્ટાફ ડીસ્પેન્સરીનો સ્ટાફ
દર્દી સેવાનો સ્ટાફ, ઓફીસ સ્ટાફ તથા ભકત વૃંદ.

# ❋ અન્ય માહિતી... ❋

## (૧) અન્ય સંસ્થાઓની સેવા :

બ્રહ્મલીન પ.પૂ.નારાયણદાસજી મહારાજ પ્રેરીત ગુજરાત તથા નડીઆદની સેવા સંસ્થાઓ જેવી કે મહાગુજરાત હોસ્પિટલ, આયુર્વેદીક હોસ્પિટલ, ટી.બી. હોસ્પિટલ, હિન્દુ અનાથ આશ્રમ, બધિર વિદ્યાલય, બ્રહ્મર્ષિ સંસ્કારધામ, મુનિસેવા આશ્રમ-ગોરજ, ભાગવત વિદ્યાપીઠ-સોલા તથા ગુજરાતની અન્ય ધાર્મિક શૈક્ષણિક સ્થાનો તથા વિવિધ સંસ્કૃત પાઠશાળાઓને પ્રાતઃસ્મરણીય પ.પૂ. રામદાસજી મહારાજશ્રી નાણાંકીય સહાય તેમજ જરૂરી અન્ન સામગ્રી પુરી પાડે છે. નાની મોટી ૨૦૦ સંસ્થાઓને વાર્ષિક અન્નસહાય અપાય છે.

## (૨) ગુજરાત રાજ્ય બહારના સેવા કાર્યો :

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડજયોતિના શુભાશીર્વાદ અને પ.પૂ. પ્રાતઃસ્મરણીય મહંતશ્રી રામદાસજી મહારાજની પ્રેરણા અને આજ્ઞાનુસાર માનવસેવાના કાર્યો ફકત નડીઆદ, નડીઆદ તાલુકો, ખેડા જિલ્લા પુરતી સિમિત રાખેલ નથી. આ શિબિરોમાં સર્વરોગ નિદાન, ચામડી, દમ, શ્વાસ, હાડકા તથા સાંધાના રોગો તેમજ દાંત કાઢવા અને દાંતના દર્દીની સારવાર, કરવામાં આવે છે. આ શિબિરોમાં એકયુપ્રેસરના દર્દીઓને સારવાર આપવામાં આવે છે.

## (૩) અતિવૃષ્ટિ રેલ રાહત સેવા :

ચોમાસાના સમયગાળામાં અતિવૃષ્ટિને કારણે નડીઆદ તથા આજુબાજુના ગામડાઓમાં ૬-૭ દિવસ સુધી પુષ્કળ પાણી ભરાઇ ગયેલા, આ વિકટ અતિવૃષ્ટિ રેલ સંકટ સમયે પ્રાતઃસ્મરણીય પ.પૂ. શ્રી રામદાસજી મહારાજના આશિર્વાદ અને આજ્ઞાનુસાર શ્રી સંતરામ ભકતવૃંદ મારફત નડીઆદ તેમજ આજુબાજુના ગામડાઓમાં મગ, ફાડા, દાળ, મેંદો, સોજી, મસાલા, મરચું, હળદર, તેલ, બટાકા, ઘી, બાજરી, ચોખા, વિગેરે ખાદ્યસામગ્રી પહોંચાડવામાં આવેલી તેમજ નજીકના અસરગ્રસ્ત ગામડાઓમાં તેમજ નડીઆદની હોસ્પિટલો, રેલ્વે સ્ટેશન, હાઇવે ઉપર અટવાઇ ગયેલા અસરગ્રસ્તોને સવાર-સાંજ બે સમયે ભોજન પહોંચાડવામાં આવેલુ. આ ઉપરાંત સુરત શહેરમાં રેલ સંકટમાં દર્દીઓને તપાસી મફત દવા-ઇન્જેકશન આપવામાં આવેલ.

## (૪) ખેડા જીલ્લામાં થયેલી અતિવૃષ્ટિમાં અસરગ્રસ્તોની મદદે....:

ગુજરાતનું તીર્થધામ મનાતું શ્રી સંતરામ મંદિર, નડીઆદ ભારત દેશ કે ગુજરાતને માથે જયારે જયારે દુષ્કાળ, પુર, કોમી રમખાણ, ભૂકંપ અને અન્ય કુદરતી આફતો આવે ત્યારે હંમેશા આફતગ્રસ્તોની સહાય માટે જે તે સ્થળ ઉપર પહોંચી જાય છે. જયાં ફુડપેકેટ્સની જરૂર હોય ત્યાં તે, જયાં અન્નક્ષેત્ર ચાલુ કરી રાહત પહોંચાડવાની હોય ત્યાં તે રીતે, જયાં સ્થાયી રસોડું ખોલી મદદરૂપ થવાનું હોય ત્યાં તેમ, જયાં મેડીકલ સારવારની જરૂર હોય ત્યાં ડૉક્ટરો-ભકતો-મેડીકલ વાન- દવાઓ સાથે હાજર થઇ જાય, દુષ્કાળ હોય ત્યાં ઘાસકેન્દ્રો દ્વારા પશુવાડાને સહાય આમ લોકકલ્યાણ માટે સતત સહાયની તત્પરતા શ્રી સંતરામ મંદિર, શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટ, શ્રી સંતરામ મંદિરની અન્ય આરોગ્યની સંસ્થાઓ લોકસેવા માટે હરહંમેશ તત્પર રહે છે.

ખેડા અને આણંદ જીલ્લામાં મહી નદી, વાત્રક નદી, શેઢી નદી વિસ્તારમાં પણ ઉપરવાસના વરસાદને કારણે તથા સતત વર્ષા ચાલુ રહેવાને કારણે દિવસો સુધી નડીઆદ અને આજુબાજુના ગામડાં પાણીમાં જ રહ્યા છે. પાણીના નિકાલની વ્યવસ્થા નથી, લોકો સુધી પહોંચી શકાય તેવી સ્થિતિ નહોતી.

---

આ પૂરગ્રસ્ત વિસ્તારોની મદદે શ્રી સંતરામ મંદિરના પ્રાતઃ સ્મરણિય પ.પૂ.શ્રી રામદાસજી મહારાજની કરુણાએ ભકતોના સેવાભાવે, રાજયના સ્થાનિક ધારાસભ્ય, સાંસદ, કલેકટરશ્રી, અન્ય હોદ્દેદારોના કહેણ અને રાહતના માર્ગદર્શને શ્રી સંતરામ મંદિર તરફથી જે રાહતકાર્યો કર્યા, આપદ્દગ્રસ્તોને સહાય પહોંચાડી તેનાથી સેવા કાર્યની સુવાસ પ્રસરી.

### ❋ નડીઆદના અસરગ્રસ્તો સહિત સુરેન્દ્રનગર-લખતર અને બિહારના અસરગ્રસ્તોની મદદે

શ્રી સંતરામ મંદિરના મહંતશ્રી રામદાસજી મહારાજશ્રીની આજ્ઞા, પ્રેરણા, માર્ગદર્શનથી સંતો અને ભક્તવૃંદ નડીઆદ શહેર, જીલ્લામાં, રાજ્યમાં કે રાષ્ટ્રમાં કોઈપણ જગ્યાએ કુદરતી કે અન્ય આપત્તિના સમયે અસરગ્રસ્તોની મદદ અને સેવાર્થે ખડેપગે તૈયાર થઈ જાય છે.

તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે નડીઆદ શહેર તથા ચકલાસી, બામરોલી, બોરીઆવી જેવા ગામોમાં વરસાદના પાણી ભરાઈ જવા પામ્યા હતા ત્યારે શ્રી સંતરામ મંદિર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ભોજન પહોંચાડીને માનવતાનો સેવાયજ્ઞ આરંભ્યો હતો. પાંચ દિવસમાં ૨૫૦૦૦ થી વધુને ભોજન પહોંચાડવામાં આવ્યું હતું.

વધુમાં તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લામાં પણ ભારે વરસાદના કારણે સુરેન્દ્રનગર અને લખતરમાં થવા પામેલ અતિવૃષ્ટિના કારણોસર અસરગ્રસ્તોને સહાય અર્થે શ્રી સંતરામ મંદિરના મહંત શ્રી રામદાસજી મહારાજશ્રીની આજ્ઞાથી મંદિરના સંત શ્રી નિર્ગુણદાસજી મહારાજ તથા ભક્તવૃંદે આ વિસ્તારની જાતે માહિતી મેળવીને પ્રારંભમાં આ વિસ્તારોમાં મંદિરના ભક્તોએ પહોંચીને ૨૦૦૦ પેકેટ સુખડીનું વિસ્તરણ કર્યું હતું. ત્યારબાદ બીજા તબક્કામાં સુરેન્દ્રનગર અને લખતરના આસપાસના અસરગ્રસ્તો માટે ૧૩૦૦૦ કિલો બાજરી મોકલીને અસરગ્રસ્તોમાં વિસ્તરણ કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં બિહારમાં કોસી નદીના સૈલાબથી અસર પામેલા બિહારના પૂરપીડિતોને સાધન-સહાય અર્થે શ્રી સંતરામ મંદિરના મહંત શ્રી રામદાસજી મહારાજશ્રીએ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને રૂા. ૧૧ લાખનો ચેક અર્પણ કર્યો હતો. જયારે ગુજરાત સરકાર દ્વારા બિહારના પૂર પીડિતોને સહાય અર્થે રાહત સામગ્રી મોકલવામાં આવનાર હતી તેમાં શ્રી સંતરામ મંદિર દ્વારા તૈયાર કરવામાં આવેલ સાધન સામગ્રી રાજયના શહેરી વિકાસ મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ, નડીઆદના ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, જીલ્લા કલેકટરશ્રી મોહમદ શાહીદ અને શ્રી સંતરામ મંદિરના ભક્તવૃંદની હાજરીમાં રવાના કરવામાં આવી હતી.

બિહારના પૂર પીડિતો માટે શ્રી સંતરામ મંદિર દ્વારા જે રાહત સામગ્રી મોકલી આપવામાં આવી છે તેમાં વાસણની ૧૦૦૦ કીટ તૈયાર કરી , આ કીટમાં ૩ થાળી, ૩ વાટકી, ૨ નાની - મોટી તપેલી, એક કડછો જયારે કપડાની ૧૦૦૦ કીટો તૈયાર કરી, જેમાં ૨ ચોરસા, ૨ ચાદર અને એક ટુવાલ મુકવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૭ લાખ જેટલો થાય છે.

### (૫) વિકલાંગ સેવા :

શ્રી સંતરામ મંદિર સંચાલિત સ્વ. વિનાયકભાઇ અને સ્વ.લલિતાબેન પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજયના ખેડા જિલ્લા વિકલાંગ સહાય યોજના હેઠળ વિકલાંગોને સાધનો આપવાના કાર્યક્રમો યોજાતા રહે છે. જેમાં ટ્રાયસીકલ ૫૫, બાઇસીકલ ૫૫, સિલાઇ મશીન ૪૩, હાથલારી ૧૦, વ્હીલચેર ૧, વોકર ૩, હીયરીંગ મશીન ૨, વોકીંગ સ્ટીક ૪ વિગેરે સાધનોની સહાય આપવામાં આવી હતી. ચોકસી ચેરીટેબલ ટ્રસ્ટ રજીસ્ટર્ડ થયેલું છે. મહંત શ્રી રામદાસજી મહારાજના આશિર્વાદથી આ ટ્રસ્ટના દાતા શ્રી જ્યંતિલાલ ચોકસીની ઇચ્છા મુજબ વિવિધ માનવ સેવાનાં કાર્યો થશે.

## (૬) નિત્ય સત્સંગ :

શ્રી સંતરામ મંદિર, નડીઆદના સત્સંગ ભવનમાં નિત્ય આધ્યાત્મિક પ્રવચનો કાયમ ચાલુ જ હોય છે. અને કીર્તન હોલમાં સવાર - સાંજ નિયત સમયે સંતોના ભજન ચાલુ જ રહે છે.

## (૭) શ્રી સંતરામ શિશુ કેન્દ્ર :

શ્રી સંતરામ મંદિર, નડીઆદના પરીસરમાં વર્ષ ૧૯૯૧થી શિશુ કેન્દ્રની સ્થાપના થઇ હતી. આ કેન્દ્રમાં ૫ વર્ષથી ૧૬ વર્ષ સુધીના બાળકોને સંસ્કૃતના શ્લોકો, સંસ્કૃતનું જ્ઞાન, નાના-મોટા પર્યટનનું આયોજન, વાર્તાલાપ, બુધ્ધિચાર્તુયની પરીક્ષાઓ, રાસ-ગરબાના વર્ગો નાટક તથા નૃત્ય નાટિકાઓ, સંગીતના વર્ગો, ચિત્રકામના વર્ગો, રમત-ગમતના વર્ગો, કરાટે, યોગ તથા અન્ય બાળ સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં ઉચ્ચ કક્ષાનું ઘડતર થાય તે મુજબનું શિક્ષણ અપાય છે.

આ શિશુકેન્દ્રમાં ધો.૫ થી ૧૦ ધોરણ સુધીના બાળકો માટે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન તથા ધોરણ-૧૧, ૧૨ (કોમર્સ) માટે એકાઉન્ટન્સી, અંગ્રેજી આંકડાશાસ્ત્રના ટ્યુશન વર્ગો વિના મૂલ્યે દરરોજ સાંજે ૬ થી ૭ દરમ્યાન ચલાવવામાં આવે છે. વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન ૮૦૧ વિદ્યાર્થીઓએ આ વિનામૂલ્યે ટ્યુશન વર્ગોનો લાભ લીધો હતો. ધોરણ ૧૦ માં પટેલ શિવાની આર. ૮૪% માર્કસ સાથે ઉતિર્ણ થઈ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આમ બાળકોના સર્વાંગી વિકાસ થાય તે અંગેની અનેક પ્રવૃત્તિઓ અવિરત ચાલુ જ રાખવામાં આવે છે.

શ્રી સંતરામ મંદિર, નડીઆદ દ્વારા તા.૧૦/૦૬/૨૦૦૭ ના રોજ ગુજરાત વિદ્યા ભારતી સંલગ્ન **શ્રી સંતરામ શિશુ વાટિકા**નો શુભારંભ શ્રી સંતરામ મંદિરના પટ્ટાંગણ સાંજે ૫.પૂ. મહંતશ્રી રામદાસજી મહારાજના શુભ હસ્તે કરવામાં આવ્યો. શિશુ વર્ગ-૧ તથા શિશુ વર્ગ-૨માં થઇ કુલ ૩૨ બાળકોએ આ શિશુ વાટિકા (બાલ મંદિર)માં પ્રવેશ મેળવ્યો.

નાના બાળકોને જ્ઞાન સાથે સંસ્કાર આપવાનું ભગીરથ કાર્ય મંદિર દ્વારા શરૂ કરવામાં આવ્યું. આ વાટિકા ભવિષ્યમાં શૈક્ષણિક સંકુલનું મોટુ વટ વૃક્ષ બની નગર નડીઆદના બાળકોને શિસ્ત, સંસ્કાર, સાથે જ્ઞાનની ગંગા વહેડાવશે.

ચાલુ વર્ષ દરમ્યાન -શ્રી સંતરામ કેળવણી મંડળ- ની સ્થાપના કરવામાં આવી જેના દ્વારા -શ્રી સંતરામ પ્રાથમિક વિદ્યાલય- શરૂ કરવામાં આવ્યું અને હાલ બાલમંદિર તથા ધોરણ-૧ માં થઈ કુલ ૫૬ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે.

## (૮) શ્રી સંતરામ શિશુ કેન્દ્રનું વિસ્તરણ

શ્રી સંતરામ મંદિર નડીઆદના પરિસરમાં વર્ષ ૧૯૯૧ થી શ્રી સંતરામ શિશુ કેન્દ્રની સ્થાપના થઈ આ કેન્દ્રમાં ૫ વર્ષથી ૧૬ વર્ષ સુધીના બાળકોને સંસ્કૃતના શ્લોકો, સંસ્કૃતનું પધ્ધતિસરનું જ્ઞાન,વાર્તાલાપ, બુધ્ધિ ચાતુર્યની પરીક્ષાઓ, રાસ-ગરબા, નાના મોટા પ્રવાસો, સંગીત-નૃત્ય, બાળ નાટક, રમત ગમત, કરાટે, યોગ વિગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં આદર્શ મુલ્યો અને સંસ્કૃતિનું ઘડતર થાય તે મુજબનું શિક્ષણ અપાય છે.

ગુજરાત સરકાર દ્વારા વડોદરા મુકામે યોજાયેલ રાજયકક્ષાની "બાળ નાટ્ય, નૃત્ય નાટિકા" સ્પર્ધામાં આ કેન્દ્રની બાળા કુ. રોશની ગોહિલે સમગ્ર રાજયમાં "શ્રેષ્ઠ બાળ કલાકાર" તરીકે નૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે તથા બાળ નૃત્ય નાટિકા "શેઠ શગાળ શાહ" સમગ્ર રાજયમાં શ્રેષ્ઠ "કૃતિ" તરીકે તૃતીય સ્થાને વિજેતા થઈ સંસ્થાનું તેમજ શ્રી સંતરામ મંદિરનું ગૌરવ વધારેલ છે.

આ સંસ્થા ધોરણ ૫ થી ધોરણ ૧૦ સુધીના બાળકો માટે ટોકન ફી લઈ અંગ્રેજી, વિજ્ઞાન અને ગણિતના વર્ગો ચલાવે છે. તેમજ ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ કોમર્સ માટે અંગ્રેજી, એકાઉન્ટ અને આંકડા શાસ્ત્રના શૈક્ષણિક વર્ગો દરરોજ સાંજના ૬ થી ૭ દરમ્યાન ચલાવે છે. વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કુલ ૭૧૫ વિદ્યાર્થીઓએ આ શૈક્ષણિક વર્ગોનો લાભ લીધેલ છે. આ સંસ્થામાં કુલ ૨૫ કાર્યકર્તાઓ સેવા આપી રહેલ છે.

આમ શ્રી સંતરામ શિશુ કેન્દ્રમાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે અંગેની અનેક બાળ પ્રવૃત્તિઓને અવિરત ચાલુ રાખવામાં આવે છે.

## (૧૦) શ્રી સંતરામ પ્રાથમિક વિદ્યાલય

શ્રી સંતરામ મંદિર દ્વારા વર્ષ ૨૦૦૭ થી "શ્રી સંતરામ શિશુવાટિકા" (બાલ મંદિર) તથા વર્ષ ૨૦૦૮ થી "શ્રી સંતરામ પ્રાથમિક વિદ્યાલય" શરૂ કરવામાં આવેલ જેમાં બાલમંદિરમાં ૩૬ સંખ્યા તથા ધો. ૧ માં ૨૪ સંખ્યા એટલેકે કુલ સંખ્યા ૬૦ વિદ્યાર્થીઓએ શિક્ષણનો લાભ લીધો. વર્ષ દરમ્યાન બાળકોને માસ દરમ્યાન આવતા ધાર્મિક તહેવારોનું જ્ઞાન આપી ઉજવણી કરવામાં આવે છે. દા.ત. ગૌરીવ્રત, ગુરૂપૂર્ણિમા, રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, નવરાત્રિ, દિવાળી, ઉત્તરાયણ, સ્વાતંત્રદિન, મહાશિવરાત્રી, હોળી,-ધૂળેટી જેવા વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવી શિક્ષણની સાથે બાળકોને અન્ય પ્રવૃત્તિઓમાં ઘોડેસવારી, બાળ સ્નાનાગૃહ ક્રિયાકલપ જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

વર્ષના અંતે પ્રથમ વાર્ષિકોત્સવ ઉજવવામાં આવેલ જેમાં વિદ્યાલયના તમામ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

## (૧૧) ભજન સ્પર્ધા :

સમગ્ર ખેડા-આણંદ જીલ્લામાં ભજન પરંપરાનું જતન કરવા અને જીવંત જાગૃત રાખવા છેલ્લા ૧૭ વર્ષથી મહા સુદ પૂર્ણિમાના દિવસે ખેડા-આણંદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર તથા નડીઆદ શહેર વિભાગના ભાઈઓ તથા બહેનોના આશરે ૪૦૦ ભજન મંડળો ભજન સ્પર્ધામાં ભાગ લે છે, અને શહેર વિભાગમાંથી પ્રથમ આવેલી ૬ મંડળીઓ ( ૩ ભાઇઓ + ૩ બહેનો) તથા ગ્રામ્ય વિભાગમાં પ્રથમ આવેલી ૬ મંડળીઓ ( ૩ ભાઇઓ + ૩ બહેનો) ને શ્રી સંતરામ મંદિર, નડીઆદ તરફથી શિલ્ડ તથા ચંદ્રકો એનાયત કરવામાં આવે છે. આ ઉપરાંત એક ફરતો શિલ્ડ પ્રથમ આવનાર મંડળીને એનાયત કરવામાં આવે છે.

ભજનીકોમાં ઉત્સાહ વધારવા ભજન મંડળીઓને વાજીંત્રો જેવા કે, હાર્મોનિયમ, તબલા, મંજીરા, ખંજરી, ઘુઘરા, એકતાર, કીતાર વિ. વિનામૂલ્યે આપવામાં આવે છે.

## (૧૨) બાળકોને ગીતા કંઠસ્થ કરાવવાનો કાર્યક્રમ :

દર વર્ષે ઉનાળાના વેકેશન દરમ્યાન નાના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓમાં સંસ્કૃત પ્રત્યે સુરુચિ-જ્ઞાન કેળવાય તેવા શુભ હેતુથી ગીતાના શ્લોકો કંઠસ્થ કરાવવામાં આવે છે અને દરેકને પુરસ્કાર રૂપે શૈક્ષણિક સાધનો જેવા કે કંપાસ-પેન-પેન્સીલ-નોટો વિગેરે વિનામૂલ્યે આપવામાં આવે છે.

## (૧૩) દર્દી સેવાર્થે સહાય વ્યવસ્થા (શ્રી સંતરામ ફીઝીયોથેરાપી સેન્ટર) :

પ્રાતઃ સ્મરણીય પરમ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય જ્યોતના આશીર્વાદ અને પ.પૂ. શ્રી રામદાસજી મહારાજની પ્રેરણાથી જરૂરિયાતમંદ કુટુંબના દર્દીઓની સેવા અર્થે સ્ત્રી-પુરૂષ સેવાર્થી દર્દીના ઘેર પૂરા પાડવાની પ્રવૃત્તિ ચાલુ કરવામાં આવી છે.

આ પ્રવૃત્તિ અષ્ટમ મહંત પ.પૂ.નારાયણદાસજી મહારાજની પ્રથમ પુણ્યતીથી આસો સુદ પુનમ તા.૧૭-૧૦-૦૫ના રોજથી ચાલુ કરવામાં આવેલ છે.

**તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ ના રોજ પૂરા થતા વર્ષનો પ્રવૃતિનો અહેવાલ નીચે મુજબ છે.**

- ❖ સેવા કાર્ય ચાલુ કર્યા તારીખ — ૧૭-૧૦-૨૦૦૫
- ❖ જરૂરિયાતમંદ કુટુંબોને સેવા પૂરી પાડી — ૧૬૩
- ❖ તા.૩૧-૩-૦૯ ના રોજ કાર્યરત સેવાર્થીઓની સંખ્યા — પુરૂષ સેવાર્થી ૩૦, સ્ત્રી સેવાર્થી ૪૪
- ❖ કુલ સેવાર્થીઓની સંખ્યા — ૭૪
- ❖ સેવાના કુલ દિવસો — ૧૨૮૬૭
- ❖ સેવાર્થીએ મેળવેલ વેતન — રૂા.૯,૦૦,૬૯૦/-

નગર નડિયાદમાં દર્દી, અશકત, વૃધ્ધને ઘર સેવા મળે તે માટે આ સહાયકેન્દ્ર મદદરૂપ થાય છે. સહાય કેન્દ્રમાં સેવા આપનાર ભાઇ-બહેનોને જરૂરી તાલીમ સાથે તૈયાર કરવામાં આવ્યા છે. જે પરિવારને આવા સહાય કરી શકે તેવા ભાઇ-બહેનની જરૂર હોય તેમણે આ કેન્દ્રનો સંપર્ક કર્યેથી તે મળી શકશે. લાભ લેનાર પરિવાર સેવા બદલ સેવા આપનારને વ્યાજબી નક્કી કરેલ મહેનતાણું આપે છે. આ પરસ્પર ઉપકારક બનવાની, સહાયની આ માનવતાલક્ષી પ્રવૃત્તિ હાથ ધરી છે, જેને સારો આવકાર મળ્યો છે.

**ટુંકું અવલોકન :**

❊ શ્રી સંતરામ મંદિર, નડીઆદમાં બ્રહ્મલીન પ.પૂ.શ્રી નારાયણદાસજી મહારાજ દ્વારા પ્રેરીત અને પ્રાતઃસ્મરણિય પ.પૂ. શ્રી રામદાસજી મહારાજની આજ્ઞા - આશીર્વાદ નડીઆદ શહેરમાં ૧૯૫ પોળો, લત્તા-સોસાયટીઓમાં તેમજ નડીઆદની આજુબાજુના ૩૫૫ ગામોમાં જાહેર સ્થળોએ દિવાલ ઉપરના બ્લેકબોર્ડ ઉપર સુવિચાર લેખનની ઉમદા પ્રવૃત્તિ કરવામાં આવે છે. સુવિચાર લેખન સાથે સાથે આરોગ્ય વિષયના દેશી ઉપચારો પણ લખવામાં આવે છે. આમ સુવિચારના વાંચનથી દરેક વ્યકિતઓમાં સારા વિચારનું અવિરત સિંચન થતુ રહે છે, તથા દેશી ઉપચારો વાંચી ઘરગથ્થુ ઉપાયો દ્વારા નાના-મોટા રોગોનું નિવારણ કરવાનો શુભ પ્રયત્નો કરવામાં આવે છે.

❊ ગરીબોને સહાયરૂપ થવાના એક ભાગ રૂપે વસ્ત્રદાન, શિયાળામાં ધાબળા વિગેરે વિનામૂલ્યે વિતરણ કરવાની પ્રસંશનીય પ્રવૃત્તિ ચાલુ રહેલી છે.

❊ નવનિર્મિત શ્રી સંતરામ મંદિર, નડીઆદની ઉપર તા.૩૧-૩-૯૯ મહાસુદ-૧૫ થી પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અખંડ વિષ્ણુ સહસ્ત્રનામ યજ્ઞ શરૂ કરવામાં આવેલો છે. તા.૩૧-૩-૨૦૦૮ સુધીમાં કુલ દિવસો ૩૭૧૩, કુલ કલાકો ૮૯,૦૯૫ કુલ ૧૬,૧૭,૫૧૯ વિષ્ણુ સહસ્ત્રના પાઠ થયેલા છે. એટલે કે ૧૨૯૨૯૮ વિષ્ણુયાગ થયા છે. ૧૨ વર્ષ સુધીના આ અનુષ્ઠાનમાં, દિવસ દરમ્યાન બહેનો અને રાત્રિ દરમ્યાન ભાઇઓ પાઠ કરે છે.

## શ્રી સંતરામ મહારાજની દેરી, નડીઆદ
## શ્રી સંતરામ સંસ્કાર વર્તુળ અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ

પ.પૂ. યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડ જયોતિના આશિર્વાદ તથા પ્રાતઃસ્મરણિય પ.પૂ. શ્રી રામદાસજી મહારાજની પ્રેરણાથી શ્રી સંતરામ સંસ્કાર વર્તુળ છેલ્લા ૮ વર્ષથી ચલાવવામાં આવે છે. જેમાં બાળકો સંસ્કારી બને, માનવતાથી મંડીત થાય, ત્યાગ અને સમર્પણના સિધ્ધાંતોને સ્વીકારતા થાય, જ્ઞાન વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોનો અનુભવ મેળવી સમાજ ઉપયોગી બને અને માનવતા પ્રગટાવે તેવા શુભ આશયથી નીચેની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.

દર રવિવારે સવારે ૯ થી ૧૧ દરમ્યાન પ્રાર્થના, બોધકથા, પ્રેરક પ્રસંગો, સાહસ કથાઓ, સંતો-યોગીઓ તથા મહાપુરુષોનું જીવન ચરિત્ર, રમતગમત, વ્યાયામ, ધ્યાન-યોગ, પ્રાણાયમ, વકતૃત્વ કળા, સુલેખન, સામાન્ય જ્ઞાન કસોટી તેમજ વિજ્ઞાનનું પ્રાયોગિક જ્ઞાન, સંગીત વર્ગમાં હાર્મોનિયમ, ગીટાર, તબલાવાદન, ચિત્રકલા, અંગ્રેજી તથા સંસ્કૃતના વર્ગો ઐતિહાસિક, ધાર્મિક તથા શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત અંગે પ્રવાસ આયોજન, શિયાળામાં રમતોત્સવનું આયોજન વિગેરે જુદી જુદી પ્રવૃત્તિઓમાં બાળકો જોડાઇ ભવિષ્યનું ઉજ્જવળ ઘડતર થાય તેવા કાર્યક્રમો શ્રી સંતરામ મંદિર, નડીઆદની દેરીના જે તે મહંતશ્રીની સીધી દેખરેખ હેઠળ આખા વર્ષ દરમ્યાન આયોજન થતુ રહે છે.

**દર વર્ષે ગુજરાત તથા મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજયના જુદા-જુદા પછાત વિસ્તારોમાં દાંત-હાડકા સર્વરોગ નિદાન તથા સારવાર અંગેના કેમ્પ યોજવામાં આવે છે. ચાલુ સાલે પણ નીચે મુજબના કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું.**

| સ્થળ | કેમ્પની વિગત | દર્દીઓની સંખ્યા | ઓપરેશન તથા અન્ય સારવાર લીધેલ દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| રાજસ્થાન-મધ્ય પ્રદેશ | દાંત, હાંડકા, સર્વ રોગ<br>વર્ષ દરમ્યાન ત્રણ કેમ્પ કરેલ છે | ૨૦૯૮ | ---- |
| નડીઆદ | હરસ મસા | ૧૭૨ | ૧૦૬ ઓપરશન કર્યા |
| નડીઆદ | ચામડીના રોગોનો | ૫૦૦ | -- |
| નરસંડા | સર્વ રોગ - લાહી તપાસ | ૧૦૦૦ | ૫૭૪ લોકોને ચશ્મા આપ્યા |
| નડીઆદ | સારણ ગાંઠ | ૨૬૮ | ૧૫૮ ઓપરેશન કર્યા |
| પેટલાદ | સર્વ રોગ - લોહી તપાસ | ૫૩૯ | ---- |
| નડીઆદ | પિત્તાશયની પથરી | ૧૫૯ | ૧૦૦ ઓપરેશન કર્યા |

# સદ્‌વિચાર સમિતિની કામગીરીની માહિતી

| | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| આંખના નંબર તપાસવામાં આવ્યા | ૪૮૪૪૯ | ૫૧૦૪૭ | ૫૮૬૬૦ |
| કોન્ટેક લેન્સની લાભ લીધેલાની સંખ્યા | ૩૨ | ૨૬ | ૧૮ |
| સાધુ-સંતને નંબરવાળા ચશ્મા કરાવી આપાવાની સેવા | ૧૯૩૧૦ | ૨૩૭૪૦ | ૨૪૫૯૮ |
| વેલ, પરવાળા, ઝામર, નાસુર, ત્રાંસી આંખ વગેરેના ઓપરેશન કર્યા | ૬૯૭ | ૬૨૨ | ૮૯૩ |
| મોતિયાના ઓપરેશન કરી કૃત્રિમ નેત્રમણિ મુકવામાં આવ્યા | ૨૧૧૬૮ | ૨૧૫૮૭ | ૧૯૪૧૪ |
| યાગ લેસરથી છારી કાઢવાના કેસો | ૨૧૧૦ | ૧૬૪૩ | ૧૩૦૭ |
| યુવક તથા યુવતિઓને ચશ્મા કાઢી નાખવાના કેસો | ૪૩૨ | ૨૬ | ૩૫ |
| આંખની સારવાર લેનાર દર્દીની સંખ્યા | ૧૭૪૯૧૭ | ૧૮૬૫૫૫ | ૧૯૧૬૭૭ |
| આંખના ઓપરેશન કર્યા | ૨૧૮૬૫ | ૨૨૨૦૯ | ૨૦૩૦૭ |

# શ્રી સંતરામ જન સેવા ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવા પ્રવૃત્તિઓની માહિતી

| | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| દાંત વિભાગ | ૩૫૧૪૫ | ૩૮૧૯૧ | ૩૮૨૪૦ |
| નિષ્ણાત તબીબોની સેવા | ૯૪૧૦ | ૯૩૦૬ | ૮૦૪૭ |
| એક્યુપ્રેશર | ---- | ૧૭૫૩ | ૨૬૨૦ |
| હોમિયોપોથી | ૩૯૫૨ | ૪૩૪૧ | ૨૬૬૪ |
| લેબોરેટરી પેશન્ટ | ૬૨૦૯૩ | ૫૭૩૮૦ | ૬૪૯૦૩ |
| ઈન્વેસ્ટીગેશન | ૧૭૧૭૧૬ | ૧૬૬૫૮૯ | ૧૬૨૬૧૬ |
| સોનોગ્રાફી | ૨૮૮૩૧ | ૨૯૨૪૦ | ૩૦૯૭૪ |
| એકસરે | ૩૩૦૭૭ | ૩૪૪૨૪ | ૩૩૯૧૬ |
| સી. ટી. સ્કેન | ૩૨૧૧ | ૩૩૨૯ | ૩૬૦૬ |
| ફીઝીયોથેરાપી | ૮૦૨૧૧ | ૯૪૯૩૧ | ૯૧૧૭૯ |
| શ્રી સંતરામ નિઃશુલ્ક ઔષધ સેવા કેન્દ્રમાં મફત દવાઓ આપી | | | |
| રૂપીયા | ૩૪૩૨૪૩૧ | ૩૯૮૫૮૦૫ | ૪૬૬૩૩૪૬ |
| દર્દીઓ | ૭૦૦૩૧ | ૭૦૭૦૧ | ૭૦૭૧૭ |
| ફ્રી ઓકસીજન બેંક | ૧૫૭ | ૨૦૪ | ૨૨૯ |
| કાર્ડીઓગ્રામ | ૧૧૮૮ | ૯૪૭ | ૧૨૧૪ |
| કાનબુટ્ટી સાંધવાના કેસ | ૨૭૭ | ૮૮૯ | ૧૭૨૯ |
| એન્ડો સ્કોપી | ૩૨૫ | ૨૬૩ | ૧૨૪ |
| કેન્સર નિદાન | ૧૮૭ | ૨ | ૧ |

ખાવામાં બેદરકારી, લોલુપતા હોય તો અન્નની સાથેનો વ્યવહાર કદરૂપો બને છે.

## પાનખરની હાશ યોજના વરિષ્ઠ નાગરીકો માટે

પરમ પૂજ્ય શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડ જયોતના આર્શીવાદ અને પરમ પૂજ્ય શ્રી રામદાસજી મહારાજની પ્રેરણાથી તેમજ તેમનાજ વિચારોને મુર્તિમંત કરવા વરિષ્ઠ નાગરીકોના નિર્મળ આનંદ માટે પાનખરની હાશ યોજના તા. ૨૩-૫-૨૦૦૯ થી અમલમાં મુકવામાં આવેલ છે.

પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ થઈ રહ્યું છે. વરિષ્ઠોને જીવનના અનેક પ્રશ્નો સતાવતા રહ્યા છે. કોઈને પરિવાર નથી, સંતાન નથી, તો કોઈને પરિવાર છે, સંતાન છે પણ સુમેળ નથી સ્વમાન નથી એટલે એમની સાથેનો સુમેળ ગોઠવવાનું અંત્યત કઠીન બાબત થઈ ગઈ છે આવી પરિસ્થિતિમાં વૃધ્ધો વરિષ્ઠ નાગરીકો માટેની કાળજી રખાવ, સ્નેહ મળે સમય વ્યતિત કરી શકે, મનપસંદ પ્રવૃતિ કરી શકે અને સાથે સાથે કૌટુંબીક સંબંધો પણ જાળવી શકે તેવું સેવા સંસ્થાન ઉભુ કરવું અને તેને પુરેપુરી નિષ્ઠા અને આત્મીયતા સાથે ચલાવવું તે બહુંજ હિતકારી પ્રવૃત્તિ કહી શકાય. આવી હુંફ પુરી પાડવાનું કામ પાનખરની હાશ કરશે. પુરી આત્મીયતા સાથે, સંચાલકો અને વરિષ્ઠ નાગરિકો એકબીજાને ઓતપ્રોત થઈ પાનખરને વસંત બનાવે અને તેવી ભાવનાથી અને તેજ હેતુથી આ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવેલ છે.

જીવનની બધીજ કટુતાઓ, કકળાટ, અપમાનો અને કંકાશો વિસરી જઈ નવજીવન પ્રાપ્ત કરવાનો એક અવસર વરિષ્ઠ નાગરીકો માટે ઉભો કરવાનો આ એક રચનાત્મક અભિગમ છે.

પાનખરની હાશ યજ્ઞખંડ, શ્રી સંતરામ મંદિર, નડીઆદ ખાતે શરૂ કરેલ છે જેમાં ૬૦ કે તેથી વધુ ઉંમરની કોઈપણ નિવૃત વ્યક્તિ સ્ત્રી-પુરૂષ બધાજ પ્રવેશ મેળવી શકે છે. જેનો સમય સવારના ૯-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી (સોમવારથી શુક્રવાર) રહેશે.

| “પાનખરની હાશની પ્રવૃત્તિઓ” | “પાનખરની હાશની સગવડો” |
|---|---|
| ૧. ધ્યાન/ભક્તિપાઠ/પારાયણ | ૧. ધ્યાન ખંડ |
| ૨. મનોરંજન દ્રશ્ય / શ્રાવ્ય | ૨. મનોરંજન ખંડ |
| ૩. વાંચન-પુસ્તકાલય | ૩. પુસ્તકાલય ખંડ |
| ૪. રમત ગમત | ૪. રમત ગમત ખંડ |
| ૫. મિલન / મુલાકાત / આખ્યાન | ૫. આરામ ખંડ |
| ૬. કથા / વાર્તા | ૬. ચર્ચા ચોરો |
| ૭. આરોગ્યલક્ષી | ૭. વેઈટીંગ લોંજ |
| ૮. શરીર સૌષ્ઠવની કસરતો | ૮. રીસેપ્શન કાઉન્ટર |
| ૯. સામુહીક પ્રવાસ / ઉજાણી | ૯. આહાર ખંડ / ચ્હા - કોફીની સગવડો |
| ૧૦. વાર તહેવારની સામુહીક ઉજવણી | |
| **આ ઉપરાંત અનેક વિવિધ પ્રવૃત્તિઓ** | **આ ઉપરાંત અનેક વિવિધ સગવડો** |

# શ્રી સંતરામ મંદિર, ઉમરેઠ સંચાલિત બી.ડી.પટેલ જનરલ હોસ્પિટલ

શ્રી સંતરામ મંદિર, ઉમરેઠના મહંતશ્રી ગણેશદાસજી મહારાજ આ હોસ્પિટલનું સંચાલન ઉમરેઠમાં અગ્રણીઓ સામાજિક સેવકો, સદ્ગૃહસ્થો વગેરે અને સંસ્થાના અન્ય ટ્રસ્ટીશ્રીઓ હોદ્દેદારોને સાથે રાખી ખૂબ જ સુંદર રીતે ચલાવી રહ્યા છે. અને ચોમેર હોસ્પિટલની નામના પ્રસરાવી દીધી છે.

આ હોસ્પિટલમાં નિષ્ણાત તબીબો જેવા કે, કાયમી ફુલ ટાઇમ જનરલ સર્જન, ફીઝીશીયન, ગાયનેકોલોજીસ્ટ, રેસીડન્ટ મેડીકલ ઓફીસર, પેરામેડીકલ સ્ટાફ, ટેકનીશીયન સ્ટાફ, નર્સ વગેરે સ્ટાફ ખૂબ જ સેવા ભાવથી દર્દીઓની સારવાર કરી રહ્યા છે. તદ્ઉપરાંત આંખના સર્જન, હાડકાંના સર્જન, ચામડી તથા ગુપ્તરોગોના નિષ્ણાત, બાળરોગના નિષ્ણાત તથા કાન-નાક-ગળાના નિષ્ણાત તબીબો ઓનરરી સેવા ખૂબ જ ભાવપૂર્વક આપે છે.

**વર્ષ ૨૦૦૮- ૨૦૦૯ દરમ્યાન હોસ્પિટલની આઉટડોર-ઈનડોર કામગીરીની માહિતી :**

| વિભાગ | આઉટડોર દર્દીઓ | ઈન્ડોર દર્દીઓ | ઓપરેશન |
|---|---|---|---|
| મેડીકલ વિભાગ | ૫૭૬૯૭ | ૩૮૦૩૮ | - |
| સર્જીકલ વિભાગ | ૪૬૬૩૧ | ૩૦૮૧૪ | ૭૨૯ |
| ગાયનેક-મેટરનીટી વિભાગ | ૪૧૮૨૦ | ૩૬૬૮૫ | ૬૨૫ |
| કાન-નાક-ગળુ વિભાગ | ૧૦૮૭૯ | - | - |
| આંખ વિભાગ | ૬૭૩૨ | - | ૩૯૬ |
| ઓર્થોપેડીક વિભાગ | ૪૦૦૧૮ | - | - |
| લેબોરેટરી વિભાગ | ૪૦૯૫૫૧ | - | - |
| એકસરે વિભાગ | ૪૭૯૪૨ | - | - |
| સોનોગ્રાફી વિભાગ | ૮૦૭ | | |
| હોમિયોપેથીક વિભાગ | ૯૯૩૦ | - | - |
| કાર્ડીઓગ્રામ વિભાગ | ૧૦૦૪૦ | - | - |
| દાંત વિભાગ | ૧૧૩૦૮ | - | - |
| ફીઝીયોથેરાપી વિભાગ | ૬૩૨૬ | - | - |

વર્ષ ૨૦૦૮ - ૨૦૦૯ દરમ્યાન ૨૩૫૬ દર્દી તથા બરદાસીને જમવાના ટીફીનની વ્યવસ્થા કરી હતી. તદ્ઉપરાંત વર્ષ દરમ્યાન ગરીબ તથા મધ્યમ વર્ગના દર્દીઓને હોસ્પિટલ બીલની રકમમાંથી રૂા. ૧,૯૨,૭૧૯/- જેટલી માફી આપેલ છે. તથા દવાઓમાં રૂા. ૧૦૭૯૨૮/- જેટલી રાહત આપેલ છે. વર્ષ દરમ્યાન એકસરે, લેબોરેટરી તથા કાર્ડીઓગ્રામ વિભાગમાં રૂા. ૧૩૪૪૯૫/- ની રાહત દર્દીઓને આપેલ છે.

---

**માણસ કાન સાથે કંજુસાઈ ભર્યું વર્તન દાખવે છે, અને જીભ પ્રત્યે ઉદારતા ભર્યું વર્તન રાખે છે.**

# શ્રી સંતરામ મંદિર, કરમસદની કલ્યાણકારી પ્રવૃત્તિઓ

યોગીરાજ અવધૂતશ્રી સંતરામ મહારાજના આ સ્થાનનું કાર્ય અનેકને પ્રેરણાદાયી બની રહે તેવુ રહ્યુ છે. સાકેતધામ વાસી મહંત શ્રી જાનકીદાસજી મહારાજની જન્મભૂમિના આ સ્થાનમાં સાધુ ચરિત મહંતશ્રીઓએ ધર્મ-અધ્યાત્મનું કાર્ય સુચારુરૂપે કર્યુ હતુ. શ્રી સંતરામ મંદિર, કરમસદ ગામના વિકાસમાં તથા તેના સંસ્કાર ઘડતરમાં આધ્યાત્મિક, ચારિત્રિક, સામાજિક તથા આરોગ્ય વિષયક જેવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા આ સ્થાનનો પૂર્ણ વિકાસ થઇ રહ્યો છે.

## ✳ સેવાકીય પ્રવૃત્તિઓ ✳

### ૧. આયુર્વેદ ઔષધાલય :

આયુર્વેદીક પધ્ધતિથી રોગ-નિદાન અને દવા વિતરણનો પ્રારંભ સને ૧૯૭૩માં થયો. નડીઆદના નિષ્ણાંત આયુર્વેદ ચિકિત્સક વૈદ્ય કલાપીભાઇ સેવાના ઉદ્દેશથી આ આયુર્વેદ ઔષધાલયમાં દર રવિવારે સરેરાશ ૧૫૦ જેટલા દર્દીઓને તપાસ સારવાર આપે છે. આ વિભાગમાં વર્ષ ૨૦૦૮ - ૨૦૦૯ દરમ્યાન કુલ ૩૫૨૮ દર્દીઓની તપાસ - સારવાર - દવા રૂા. ૨-૦૦ ની નજીવી ફી લઇ કરવામાં આવેલી.

### ૨. હોમિયોપેથીક ઔષધાલય :

હોમિયોપેથીક પધ્ધતિથી રોગ-નિદાન અને દવા વિતરણનો લાભ છેલ્લા ૨૭ વર્ષથી અસંખ્ય દર્દીઓ મેળવે છે. હોમિયોપેથીકના ડૉક્ટર તરીકે સફળ કારકીર્દી પામેલા ડૉ. યોગેશભાઇ પંજાબી માનદ્ સેવા આપે છે. વર્ષ ૨૦૦૮ - ૨૦૦૯ દરમ્યાન કુલ ૧૫૦૦ દર્દીઓની તપાસ સારવાર દવા રૂા. ૨-૦૦ જેવી નજીવી ફી લઇને કરવામાં આવેલી.

### ૪. કમળાના રોગની આયુર્વેદીક સારવાર :

શ્રી સંતરામ મંદિર, કરમસદને માત્ર ખેડા જિલ્લામાં જ નહીં પણ સૌરાષ્ટ્ર, અમદાવાદ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત જેવા દૂર દૂરના વિસ્તારમાં કમળાના અતિ ભયંકર અને જટિલ રોગની અતિ મહત્વની સારવાર પધ્ધતિ અપ્રતિમ ખ્યાતી લક્ષી છે. દર્દીઓને સારી સગવડ મળી રહે તે હેતુથી શ્રી સંતરામ આરોગ્ય ભવનમાં કમળાના ખાસ વોર્ડની રચના કરવામાં આવી છે. દરરોજ સવારે ૮ થી ૫ સુધી આ સારવાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૮ - ૨૦૦૯ દરમ્યાન કુલ ૫૧૭૬ કમળાના દર્દીઓની વિના મૂલ્યે સેવા-સારવાર કરવામાં આવેલ છે.

**૫. અન્નક્ષેત્ર સેવા :**

આ સ્થાનમાં આવનાર દરેકને ઓટલો અને રોટલો મળે છે. તમામ અતિથિ, સાધુ સંત-સત્સંગીને વિના મૂલ્યે ભોજન અપાય છે. તેમજ ચારૂતર આરોગ્ય મંડળ સંચાલિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદના દર્દીઓ તથા સાથે આવનાર બરદાસીને વિના મૂલ્યે ભોજન આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન કુલ આશરે ૩૫,૦૦૦ દર્દીઓ અને સાથે રહેનાર બરદાસીને ભોજન આપવામાં આવેલું.

**૬. શૈક્ષણિક ક્ષેત્રે મહત્વનું યોગદાન :**

શ્રી જાનકીદાસજી મહારાજ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા શ્રી સંતરામ વિદ્યાધામ શૈક્ષણિક પ્રવૃત્તિ સફળતાપૂર્વક ચાલી રહી છે. પ્રારંભમાં ગીતા પ્રચાર, આચાર ધર્મ, નૈતિક શિક્ષણ સાથે પાયાનું ઘડતર કરતી સંસ્થા બાળકો માટે મંદિરમાં ચાલુ થઇ. જે વિકસિત થતી સંતરામ મંદિર, નડીઆદના સાકેતધામ વાસી મહંતશ્રી જાનકીદાસજી મહારાજ કે જેની યાદગીરીમાં એમના નામનું એજયુકેશન ટ્રસ્ટ બનાવી વિદ્યાધામની પ્રવૃત્તિને સાકાર સ્વરૂપ આપવામાં આવ્યું.

આ વિદ્યાધામને કેળવણીનો નવો ઓપ આપવા, વિશિષ્ટ ચારિત્રલક્ષી, જીવનલક્ષી સ્વરૂપ આપવા તેને વિદ્યાભારતી ગુજરાત સંલગ્ન આપવામાં આવી. વિદ્યાધામ બાળ કેળવણીથી ક્રમશઃ હાયર સેકન્ડરી સુધી વિસ્તરી તેનો પ્રારંભ નવા બંધાયેલ સંકુલમાં કરી દેવામાં આવ્યો છે. બાળ કેળવણી શિશુવિહારથી હાયર સેકન્ડરી સુધીની ચાલુ વર્ષની સંખ્યા ૬૫૦ છે.

વર્ષ દરમ્યાન અનેક કાર્યક્રમો રાખવામાં આવે છે. જેવા કે વાર્તાકથન, શ્લોકગાન, દેશભકિતગીત, વકૃત્વ, રમત-ગમત જેવી સ્પર્ધાઓ ઉપરાંત નિબંધ સ્પર્ધા યોજાય છે. વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શકિતને જગાડવા માટે સમાજ ઉપયોગી ઉત્પાદન કાર્યની પ્રદર્શની તેમજ વિજ્ઞાનમેળાનું આયોજન થાય છે. આ ઉપરાંત નાના-મોટા શિબિરો યોજવામાં આવે છે. આ શિબિરોમાં બૌધ્ધિક, શારીરીક વિકાસ થાય તેવા પ્રયત્નો થાય છે. અને આ શિબિરોમાં ધ્યાનસત્ર, યોગસત્ર વગેરે સત્રો લેવામાં આવે છે.

## આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે શ્રી સંતરામ ભકત સમાજની વિદેશમાં સેવા સુવાસ

વિદેશમાં લંડન અને અમેરિકામાં શ્રી સંતરામ ભકતવૃંદ દ્વારા અવાર-નવાર, પાઠ-પારાયણ યોજાય છે જ, પરંતુ ખાસ કરીને આપણા ભારતના અમેરિકામાં સ્થાઇ થયેલા શ્રી સંતરામ ભકત વૃંદ દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી અવાર-નવાર પાઠ-પારાયણ-ભજન જેવા કાર્યક્રમો સાથે સાથે વિવિધ રોગ નિદાન-સારવાર-સેવા યજ્ઞો યોજવાના શરૂ કરાયેલ છે.

અમેરિકા જેવા દેશમાં જયાં માણસની કિંમત કરતા સમયની કીંમત અમૂલ્ય ગણાય છે. કોઇપણ વ્યકિતને પૈસા કમાવવા સિવાય ફાજલ સમય ફાળવવો અશક્ય છે. તેવા દેશમાં આપણા શ્રી સંતરામ ભકતવૃંદના અદના કાર્યકર શ્રી તૃષારભાઈ વી. પટેલ તથા તેમના સાથી કાર્યકરો પોતાનો અમૂલ્ય સમય ફાળવી અવાર-નવાર પાઠ-પારાયણ સાથે ફ્લુ પ્રતિકારક રસી, નેત્ર ચકાસણી કેમ્પ, ડેન્ટલ કેમ્પ જેવા વિવિધ નિદાન સારવાર કેમ્પ પ્રસંગે ડૉ. શ્રી ચન્દ્રકાન્તભાઈ દેસાઈ, ડૉ. મનીષાબેન પટેલ, ડૉ. શ્રી વિનોદભાઈ પટેલ, ડૉ. શ્રી નિલેશભાઈ પટેલ, ડૉ. શ્રી ઈન્દ્રવદનભાઈ પટેલ વિ. ડૉકટરશ્રીઓ ખૂબ જ પ્રસંશનીય સેવા બજાવી પ.પૂ. મહારાજશ્રી પ્રત્યેનો ભાવ પ્રગટાવે છે, જે ખરેખર પ્રશંસનીય છે.

આ ઉપરાંત અમેરિકા સ્થિત શ્રી સંતરામ ભકત સમાજના અદના કાર્યકરો શ્રી સંતરામ મંદિરની પ્રણાલી મુજબ આ આધ્યાત્મિક સેવા, આરોગ્યને લગતા નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પ વિગેરે કાર્યક્રમો અયાચક ધર્મ પાળીને આયોજન કરે છે. એમાં કોઇપણ પ્રકારના ફંડ-ફાળા કે અન્ય પ્રેરણાને અવકાશ નથી, આવા કાર્યક્રમોમાં આવતા ભકતવૃંદમાંથી પોતપોતાની રીતે સ્વેચ્છાએ જુદીજુદી વ્યવસ્થાઓ જેવી કે હોલ ભાડુ, ડીનર, ચા-નાસ્તો વિગેરેનો ખરેખર થયેલો ખર્ચ ઉઠાવી લે છે જે ખરેખર અદભુત અને પ્રશંસનીય છે.

આ રીતે દિવાળી-નૂતનવર્ષના દિવસોમાં ગુરૂપૂર્ણિમા વિગેરે શુભ દિવસોમાં શ્રી સંતરામ ભકત સમાજ, અમેરીકા દ્વારા સુંદરકાંડનું પારાયણ, ભજન સંધ્યા, વિના મૂલ્યે વિવિધ રોગ નિદાન કેમ્પો યોજી માનવતાની સેવાનું રૂડું કાર્ય કરી રહ્યા છે અને આવા કાર્યક્રમોમાં સેવા સમર્પનાર સહુ કોઇ ગુરુ-કાર્યથી કૃતાર્થ બને છે, તેમજ આવા મિલનથી પરસ્પરના ભકિતભાવ વધતો રહે છે અને પૂજય મહારાજશ્રીના પ્રત્યેની અનન્ય ભકિતથી આ મિલન જાળવી રાખે છે.

શ્રી સંતરામ મહારાજના અનન્ય ભકતો, તબીબો તથા તમામ નામી-અનામી સ્વયં સેવકો ઉપર યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની કૃપા અને આશિર્વાદ, સદાય વરસતો રહો. તેમજ પ્રાતઃ સ્મરણીય પ.પૂ. મહંતશ્રી રામદાસજી મહારાજના શુભાશીર્વાદ સાથે સેવા - ભાવના અને આરોગ્ય યજ્ઞો અવિતરત ચાલતા રહે તેવી સૌને શુભકામના સહ જય મહારાજ.....

સંત પ્રેરણાએ સેવાકાર્યોની સુવાસ પ્રસરતી રહે તેવો સેવાવૃંદનો ભાવ સાર્થક બનો. શ્રી સંતરામ મહારાજની પ્રેરણા આશિર્વાદમાં દર્દી સેવાના માનવતામાં જે અવિરત સેવા કાર્યો થાય છે તેમા સેવાભાવથી સંકળાયેલા રહેવાનું અમને બળ મળે અને આવી નિર્મળ સેવા ભાવના બની રહો એવી ગુરુ દેવના ચરણોમાં વંદના સહ....

**શ્રી સંતરામ સેવાવૃંદના**
**જય મહારાજ**

---

**દરિયાની પ્રકૃતિ બંધિયાર છે અને એટલે જ એ ખારો છે. જો તમે વહેશો નહીં તો ખારા થઇ જશો.**

।। શ્રી સંતરામ મહારાજ સત્ય છે ।।

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજની અધ્યક્ષતા, પ્રેરણા, માર્ગદર્શન અને છત્રછાયા હેઠળ....**

**શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટ સંચાલિત**

# * શ્રી સંતરામ દર્દી સેવા કેન્દ્ર *

**સ્થળ : ચિકિત્સા ભવન, શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય સામે, નડિયાદ - ૩૮૭ ૦૦૧**

## * ઉપલબ્ધ નિષ્ણાત માનદ્ તબીબી સેવાઓ *

| | | | |
|---|---|---|---|
| **હૃદય રોગ** | : | ડૉ.એસ.આર.શાહ M.D. | સોમવારે બપોરે ૪ - ૦૦ વાગે |
| | | ડૉ. જે.સી.શાહ M.D. | મંગળવારે સવારે ૧૦ - ૦૦ વાગે |
| | | ડૉ. આર.એ.પટેલ M.D. | બુધવારે બપોરે ૪ - ૦૦ વાગે |
| | | ડૉ. દક્ષેશભાઇ શાહ | ગુરૂવારે સવારે ૧૦ - ૦૦ વાગે |
| | | ડૉ. નરેશ ચુડાસમા M.D. | શુક્રવારે સવારે ૯ - ૩૦ વાગે |
| | | ડૉ. વિવેક ભટ્ટ M.D. | શનિવારે સવારે ૯ - ૦૦ વાગે |
| **બાળરોગ** | : | ડૉ.ઉમેશ શાહ M.D.(Ped) | બુધવારે સવારે ૧૦ - ૩૦ વાગે |
| | | ડૉ.કનુભાઇ મોદી M.D. (Ped) | શુક્રવારે બપોરે ૪ - ૦૦ વાગે |
| **ઓર્થોપેડીક** | : | ડૉ.અલ્કેશ શાહ M.S. (Ortho) | સોમવારે સવારે ૯ - ૩૦ વાગે |
| | | ડૉ.જતીન શાહ M.S. (Ortho) | મંગળવારે બપોરે ૪ - ૦૦ વાગે |
| | | ડૉ. ઉત્કર્ષ ક્ષત્રી M.S. (Ortho) | બુધવારે બપોરે ૪ - ૦૦ વાગે |
| | | ડૉ.મહેન્દ્ર ગાંધી M.S. (Ortho) | ગુરુવારે સવારે ૯ - ૦૦ વાગે |
| | | ડૉ. હર્ષદ પટેલ M.S. (Ortho) | શુક્રવારે સવારે ૧૦ - ૦૦ વાગે |
| | | ડૉ.એસ.આર.ક્ષત્રી M.S. (Ortho) | શનિવારે બપોરે ૪ - ૦૦ વાગે |
| **કાન-નાક-ગળુ** | : | ડૉ.જયકુમાર શાહ M.S. (E.N.T.) | મંગળવારે બપોરે ૩ - ૦૦ વાગે |
| | | ડૉ.સુપ્રિત પ્રભુ M.S. (E.N.T.) | બુધવારે બપોરે ૪ - ૦૦ વાગે |
| | | ડૉ. દિપા શાહ M.S. (E.N.T.) | ગુરુવારે સવારે ૯ - ૩૦ વાગે |
| **સ્ત્રી-રોગ** | : | ડૉ.ગાયત્રીબેન કોન્ટ્રાકટર M.D., D.G.O. | શુક્રવારે બપોરે ૩ - ૦૦ વાગે |
| | | ડૉ.કલ્પના પટેલ M.R.S.H.(London) M.A.M.S.(Viena) | શનિવારે સવારે ૯ - ૦૦ વાગે |
| **ચામડી રોગ** | : | ડૉ.વૈશાલીબેન કોન્ટ્રાકટર M.D. | સોમવારે બપોરે ૩ - ૦૦ વાગે |
| | | ડૉ.શૈલીબેન ભટ્ટ D.V.&D. | શુક્રવારે સવારે ૯ - ૩૦ વાગે |
| **માનસિક રોગ** | : | ડૉ.સંદિપ પટેલ M.D.(Psych) | ગુરુવારે બપોરે ૪ - ૦૦ વાગે |
| **એન્ડોસ્કોપી** | : | ડૉ. મનોજ કટારીઆ | શુક્રવારે સવારે ૮ - ૩૦ વાગે |
| **કેન્સર** | : | દર ત્રીજા મહિનાના ત્રીજા શનિવારે | સવારે ૮ - ૩૦ વાગે |

**આપણા ભાગે આવેલું કાર્ય પૂરા સદ્ભાવ અને ધર્મભાવથી કરવું એ ધર્મ છે.**